## પ્રકરણ: ૮

## હુલ્લડો વિષયક કૃતિઓ, વ્યક્તિવિશેષ વિશેનાં કાવ્યો, ઇ.

૧૯મી સદીના કવિઓ ભારતદેશમાં સંપ રાખવા વિશે વારંવાર ઉપદેશ આપે છે. કુસંપનાં માઠાં ફળોના એ સૌ જાણકાર છે. દેશના ઉત્કર્ષ અર્થે સર્વજનવિભાગની એકતા એમણે વાંછી છે. દેશમાં શાંતિ અને સંપ એમને જરૂરી જણાયાં છે. પરદેશી રાજ્યઅમલ સામે બંડખોડા ન કરવા એ "સુસભ્યતા"નું એક અંગ એમને જણાયું છે. આવી અવસ્થામાંય ભારતના વિવિધ જનવિભાગો વચ્ચે પ્રસંગે પ્રસંગે હિંસક વિખવાદો થયા છે ખરા. એવા બનાવોને સ્પર્શતી બારેક કૃતિઓ મળી આવે છે. અર્વાચીન ગુજરાતી કવિતાના ઇતિહાસમાં આમાંની ઘણીખરી કૃતિઓની સંભવત: ક્યાંય નોંધ લેવાઇ નથી. કાવ્યત્વની દૃષ્ટિએ પ્રસ્તુત કૃતિઓ, એકાદ અપવાદને બાદ કરતાં, સત્ત્વશીલ નથી જણાતી. એમાંની થોડીક તો "ફરમાયશ" થી પણ રચાયેલી છે. જનજીવનમાં ખળભળાટ મચાવનાર પ્રસંગો વિશે એ જમાનાના પદ્યકારોએ જે પ્રતિભાવ પ્રગટ કરેલો- જે દેશહિતચિંતા સેવેલી, તેમાં પ્રસ્તુત કૃતિઓનું મહત્ત્વ સમાયેલું છે.

### :૧: પારસી-મુસલમાન હુલ્લડ

૧૮૭૪માં મુંબઇમાં મુસલમાન તથા પારસીઓ વચ્ચે હુલ્લડ થયું હતું. "દિલખુશ" નામધારી કોઇ પારસી વ્યક્તિએ એ બનાવ વિશે "ફેસાદે ફેબરવારી" :૧૮૭૫: નામે કૃતિ રચી છે. પારસીઓની સલ્તનતભક્તિ વિશે દિલખુશ લખે છે: "તેઓએ ઇંગરેજ સરકારને સારી મદદ કરી છે- તથા તેઓના સંકટ ભરેલા કામો બજાવી પોતાનું સાહશીકપણું, બાહાદુરી તથા ઇમાનદારી બતાવી આપી છે." રુસ્તમજી હો. જાલભાઇએ મુસ્લીમ પયગંબરો વિશે અંગ્રેજી

ગ્રંથોને આધારે "કોઇ બી ગફલતી"વિના રચેલ "પરસીધ પેગામબરો અને કામો" પુસ્તકના પ્રકાશનમાંથી હુલ્લડ પ્રગટેલું હતું. "દિલખુશ"ને વિકટોરિયા પ્રત્યે ભક્તિભાવ છે, પરંતુ એ ભક્તિ હિંદમાંના અંગ્રેજ અમલદારોની હિમ્મતભેર ટીકા કરવામાં આડે આવતી નથી. શહેર આફતમાં હતું, પારસીઓનો જાનમાલ લૂંટાતો હતો, છતાં ગવર્નમેન્ટ હાઉસમાં, એ સમયે બોલડાન્સ ગોઠવાયો હતો, એ ઘટનાને રોમ બળતું હતું ત્યારે નીરો ફીડલ વગાડતો હતો એની સાથે નિર્ભયતાપૂર્વક લેખકે સરખાવી છે: "નીરો શાહ બેકદરદાન.. રયતલોક રેહે પરેસાન...ને હાકેમ મોજમાં ગુમસાન." એ કાળના લેખકોની પધ્ધતિ કંઇક આવી જણાય છે: આરંભમાં જ વિકટોરિયાને કે અંગ્રેજોની સ્થિર સલ્તનતને અર્ઘ્ય આપવો અને એ પછી એ સલ્તનતની જે કાંઇ મર્યાદાઓ જણાય તેને સ્પષ્ટતાપૂર્વક બતાવી આપવી..."ફેસાદે ફેબરવારી"નું આખું બયાન વિગતપૂર્ણ અને રસિક છે.

ઉપર્યુકત બનાવ વિશે બીજી બે કૃતિઓ પણ રચાઇ છે."મુંબઇમાં જાગેલું દીન" અથવા "મુસલમાનોએ પારસીઓ પર મચાવેલું હુલ્લડ":૧૮૭૪: કર્તા: "નરભેરામ કાસીરામ દવે" તથા "દરગાહી દંગો" :૧૮૭૪: "ફર્માંશી" રચયિતા "રામશંકર ગવરીશંકર કવી." નરભેરામની પ્રથમ કૃતિમાં સીધુંસાદું પ્રસંગચિત્રણ છે, જ્યારે રામશંકરની કવિતામાં પ્રસંગચિત્રણને અંતે અનુક્રમે અંગ્રેજ રાજ્યઅમલ પ્રશંસા તથા સંપ રાખવા વિશેનો રૂઢ સ્વરૂપનો ઉપદેશ આવે છે:

"અમલ અદલ અંગ્રેજનો, આલમ અવલ અમોલ,
..બ્રિટિશ રાજ બળવંત, બુલંદી જેની બઢતી."

\+ + +

"ગુરૂઓ આ ગુર્જરદેશ, બેશ બોલતો-બેશ બોલતો,
જેની વિશ્વ વિશે વિખ્યાત, વૈભવી વાતો.
..કરી કુસંપએ કકળાટ, તેજી સહુ તોડી-તેજી સહુ તોડી."

માટે, " રે સજો સજો સહુ સંપ, સજન સુખકારી.

:૨:

## હિન્દુ-મુસ્લીમ હુલ્લડ

મુંબઇમાં મુસલમાન-પારસી વચ્ચે થયેલા દંગલ કરતાં અનેકગણું મોટું દંગલ ૧૮૯૩માં હિંદુ-મુસ્લીમ વચ્ચે થયેલું હતું. એ ઘટના વિશે જ રચાયેલી છ સ્વતંત્ર કૃતિઓ જોવા મળી છે. "કહાનકાવ્ય" : પ્રથમ ભાગ, ૧૮૯૭: માં કહાનજી ધર્મસિંહે એ દંગલ વિશે ૨૧ જેટલી કવિતાઓ રચી છે. એ ઘટના વિશેની રચનાઓમાં સત્વશીલતાની દ્રષ્ટિએ કહાનજી ધર્મસિંહની કવિતાઓ સૌથી આગળ તરી આવે છે. હિંદુ-મુસ્લીમ વિખવાદનાં લગભગ ~~મોટાં~~ સમાન કારણો જુદીજુદી કૃતિઓમાં અપાયાં છે:

"કોઇ કહે કોનગ્રેસથી, થયું બંડ આ મોટું,
કોઇ કહે ગૌરક્ષણે, થયું કામ આ ખોટું,
કોઇ પ્રભાસના ત્રાસને, બંડકારણ લેખે,
કોઇક ઘટના ઘોષનો, દોષ દુનિયામાં દેખે."

:કહાનકાવ્ય"-૧:

સામાન્યરીતે એમ મનાય કે હિંદુ-મુસ્લીમનાં હુલ્લડો આધુનિક કાળની ઘટનાઓ છે. પણ આવા સંઘર્ષોના ઉલ્લેખો છેક સતરમી સદી સુધીના મળે છે. સૂરતના ઇતિહાસકાર એદલજી પટેલ નોંધે છે કે સૂરતમાં રાજ્યકર્તા કોમ તરીકે મુસ્લીમો વિશેષાધિકાર ભોગવતા હતા. હિંદુ વેપારીની સરખામણીએ મુસ્લીમ વેપારી પાસે જકાતનો દર બહુ ઓછો લેવાતો. એમાં ય ધર્માંધ ગણાયેલા ઔરંગઝેબના સમયમાં સૂરતમાં "હિંદુઓ તથા મુસલમાનો વચ્ચે ધર્મનું વેર જોસભેર ઉભરી આવ્યું હતું અને હિન્દુઓને પકડી પકડીને જબર-જસ્તીથી વટલાવવામાં આવતા, વેઠે પકડી જઇ કબરો ખોદાવવાને વળગાવી દેતા, તાજિયા ઉંચકવાને રસ્તે જતા ગમે તેવા આબરૂદાર હિન્દુને પકડતા, તે ખાંધ મારતા તો ઠીક, નહિ તો ઢોલ, છકકડ, લાત, મુકકી મારી તેની પાસે ખાંધ મરાવતા, તેની પાસે યા હુસેન વટીક બોલાવતા."[૧] આવી સ્થિતિમાં સને ૧૬૫૯ માં સૂરત શહેરમાં હિંદુ તથા મુસલમાન વચ્ચે "ભારે લડાઇ તથા કાપાકાપી" ચાલ્યાં. વાણિયા તથા નાણાવટીઓને ઘેરઘેરથી

પકડી ગયા. તેમને બંદીખાને નાખ્યા અને થોડીક મુદત લગી શહેર બહાર કાઢી મૂક્યા." [2] અમદાવાદમાં પણ ઇ.સ. ૧૭૧૪ તથા ૧૭૧૫માં હિંદુ-મુસ્લીમોનાં બે હુલ્લડો થયાં હતાં એમ અમદાવાદના ઇતિહાસકાર રત્નમણિરાવ નોંધે છે: [3] .તાત્પર્ય કે, ૧૮૯૩માં મુંબઇમાં હિંદુ-મુસ્લીમ વચ્ચે થયેલું હુલ્લડ એ ગુજરાતના ઇતિહાસમાં કોઇ નવી ઘટનારૂપ જણાતું નથી.

૨૦મી સદીમાં હિંદુઓ અને મુસલમાનો વચ્ચેનું અંતર, ગાંધીજી જેવા મહાન નરના પ્રયાસો છતાં, ક્રમશ: વધતું ગયું હતું. એ અંતર વધે તે માટે અંગ્રેજોએ પ્રત્યક્ષ વા પરોક્ષ રીતે પ્રયાસો પણ કર્યાં હતા. ૧૮૯૩ના હિંદુ-મુસ્લીમ હુલ્લડ વિશે એ જમાનાના ભારતના એક પ્રમુખ રાજકીય નેતા ટિળકે અંગ્રેજો ઉપર કુટિલ નીતિને અનુસરવાનો આરોપ મૂકયો હતો. [4] હિંદુ-મુસ્લીમ વિખવાદમાં રહેલી ભારતીય પ્રજાની એક નબળી કડી અંગ્રેજોની વિચક્ષણ આંખે જરૂર ચડી હશે. ૧૮૫૭ના બળવામાં હિંદુ-મુસલમાનોએ સંયુકત રીતે ભાગ લીધો હતો. અંગ્રેજોને એ વેળાએ કદાચ સમજાયું હશે કે ભારતમાં રાજ્ય કરવા માટે "ભાગલા પાડો અને રાજ્ય કરો" ની નીતિને અનુસરવી પડશે. ૧૮૫૭ના બળવાને દાબી દેવામાં આવ્યો એ અરસામાં જ લોર્ડ એલ્ફીન્સ્ટને કહેલું: '"Divide et impera " was the old Roman motto, and it should be ours." [5]

મુંબઇમાં હુલ્લડ થયું એ જ વર્ષે રચાયેલી નીચેની છ કૃતિઓ મળે છે: ૧: "મુંબઇના છેલ્લાં હુલ્લડના ગરબા" : ૧૮૯૩: કર્તા કવિ 'ગિર્ધરલાલ' હરકિસનદાસ. ૨: "મુંબઇના હુલ્લડનો હેવાલ" : ૧૮૯૩: ગંગારામ આત્મારામ પંડિત [6] ૩. "મુંબઇનો મામલો" : ૧૮૯૩: "બ્રહ્મભટ્ટ સીવલાલ ખુશાલદાસ". ૪: "મુસલમાન અને હિંદુ વચ્ચે મુંબઇમાં થએલુ જબરૂ હુલડ-પ્રજાવિલાપ": ૧૮૯૩: છપાવી પ્રસિધ્ધ કરનાર શા. રતનચંદ કાળિદાસ : કર્તાનું નામ નથી મળતું: ૫. "મુંબઇમાં હિંદૂ તથા મુસલમાન વચ્ચે થયલાં તોફાનનું ગાયનરૂપી વર્ણન" : ૧૮૯૩: નગીનદાસ મંછારામ. ૬: "હિંદૂ ને મુસલમાન વચ્ચે થયલો સલાહ-સંપ": ગદ્ય તથા પદ્યમાં વર્ણન, ૧૮૯૩: નગીનદાસ મંછારામ. : કૃતિ નં. ૫ ના કર્તા: .

આ બધી કૃતિઓ વિગતપ્રચુર પદ્યઅહેવાલો જેવી છે. પ્રસ્તુત કૃતિઓના કર્તાઓ હિંદુઓ છે. પરંતુ હિંદુઓ માટે એમને અંધપક્ષપાત હોય તથા મુસ્લીમો પ્રત્યે ઝનૂનયુકત દ્વેષ હોય એવી એકંદર છાપ બધી કૃતિઓને સામટી વાંચતાં નથી પડતી. હુલ્લડ દરમિયાન બન્ને કોમોની થયેલી ખાનાખરાબી તથા બન્ને કોમો વચ્ચે સંપની આવશ્યકતા - એ એમનો મુખ્ય વર્ણ્યવિષય રહયો છે. "હુલ્લડ મુશલમાનનું ભારી રગડે હિંદુપ્રજા બિચારી" :કૃતિ-૨:, "મુસલમાનના "દીન"થી, થયા દીનવત લોક" :"કહાનકાવ્ય":, એવા કેટલાક ઉલ્લેખો ઉપરથી લાગે છે કે મોટા પાયા ઉપર મચેલું એ દંગલ હતું. એ દંગલનું વર્ણન કયારેક તો કઢંગી તથા બજારૂ ભાષામાં કરવામાં આવ્યું છે.

બધી જ કૃતિઓમાં દંગલને દબાવી દેવા માટે અંગ્રેજ સરકારને અહોભાવપૂર્વક ધન્યવાદ આપવામાં આવ્યા છે:

"છે આફરીન ઓ સરકાર, હજારો વાર, તુજ હામીને ,
દે છે સહુ સજ્જન દુવા, શીશ નામીને " :કૃતિ-૪:

+ +

"શૂરવીર અંગ્રેજ, તેજબળ તુર્ત બતાવ્યું,
બંડ સમાવ્યું સ્હેજ, રાજનું કાજ બજાવ્યું,
..રાજનીતિ બહાદૂર, કોણ અંગ્રેજ જ જેવો." :"કહાનકાવ્ય":

આવડું મોટું હુલ્લડ સલ્તનતે શમાવી દીધું, વ્યવસ્થા-શાંતિ સ્થાપ્યાં, એથી અંગ્રેજ સરકારની તાકાતમાં પ્રજામાનસની શ્રધ્ધા વધે તે સ્વાભાવિક છે. સલ્તનતને જનપ્રિય બનાવવામાં આવા બનાવોએ ફાળો આપ્યો હોય તે બનવાજોગ છે. :વાંચો: "ધન્ય ધન્ય રાજ રાણી તણું, બચાવ્યા બહુ જાન", :કૃતિ-૪:

કહાનજી ધર્મસિંહે હિંદૂ-મુસ્લીમ હુલ્લડમાં મહારાષ્ટ્રીઓએ મુસલમાનોના કરેલા વીરત્વભર્યા સામનાને પોતાના એક પદ "બંઝારા"માં ઉત્સાહભેર પ્રશસ્યો છે. એ પદને હુલ્લડની ઉશ્કેરણી કરનાર ગણીને સરકારે કવિ ઉપર કેઇસ કર્યો હતો, પરંતુ કવિ એ આરોપમાંથી હાઇકોટમાં નિર્દોષ સાબિત થયા હતા. "યુરોપ, અમેરિકાનાં અને આખા હિંદુસ્થાનનાં ઘણાં વર્તમાનપત્રોમાં આ કેશ મ્હોટી ચર્ચાનો વિષય થઇ પડયો હતો." :લેખકનું વિધાન,

પૃ. ૧૮૫:) "કહાનકાવ્ય"-૧ ના એ પદની કેટલીક પંક્તિઓ નીચે મુજબ છે:

"ધન ધન લોકો કામાટી, ગુણવંત ખરેખર ઘાટી. :ટેક:
તન વીર-રૂધિરથી ધોયું, પાછું વાળી ના જોયું,
..બહાદૂર તમે ના બીધા, શત્રૂને કાયર કીધા,
..દુશ્મનને દીધા દાટી, ધન ધન લોકો કામાટી.
કેસરિયાં કીધાં હાથે, મરદાની જુસ્સા સાથે,
ઝટ ફિતૂરની કે ફાટી, ધન ધન...
છો પેશવાઇના અંશી, શ્રી શિવાજીના શુભવંશી,
માન્યાં આ તનમન માટી, ધન ધન..."

કવિનો હેતુ અહીં હિન્દુઓના ગૌરવની રક્ષા કરનાર મરાઠાઓના શૂરત્વને માત્ર પુરસ્કારવાનો લાગે છે, હિંદુ-મુસ્લીમ વચ્ચે વૈમનસ્ય વધારવાનો નથી, એમ કવિનાં કાવ્યોનો સમગ્રતયા વિચાર કરતી વેળાએ જણાય છે. કવિ દેશમાં વિભિન્નતાનાં નહિ પણ એકતાનાં પરિબળોને ઉત્તેજવા માગે છે:

"ઝેર ઝનૂન કરો દૂર સત્વર, સંપસુલેહ વધારી,
આર્ય મુસલમીન મન મેળવીને, રાખી પ્રીતિ મિત્રાચારી."

\+ + +

"હાય હાય રે ધર્મને બહાને ધિંગાણાં."

\+ +

"નહિ મંદિર મસીદમાં જુદાઇ, ઇશઇસાઅસલ એકભાઇ."

\+ + +

"છે એક જ મગની ફાડ, મુસલમિન હિંદૂ,
તે બે વચ્ચે જે ફાટ, તે જ હું નિંદું."

ગાંધીજીના જ હિંદુ-મુસ્લીમ એકતા વિશેના વિચારોના કવિએ જાણે આગાહી ન કરી હોય ! કવિમાનસની ઉદારતા તથા કાવ્યત્વના ચમત્કારનો ઉપર્યુક્ત પંક્તિઓમાં અનુભવ થાય છે. હિન્દુઓ તથા મુસ્લીમો પરસ્પર લડતા-ઝઘડતા રહે એમાં રાષ્ટ્રનું કલ્યાણ નથી એવી ભાવનાથી પ્રેરાઇને કહાનજી ધર્મસિંહે તથા અન્ય લેખકોએ સંપ-સુલેહ વિશેનો ઉપદેશ આપ્યો છે. હુલ્લડ પછી શહેરમાં સ્થપાયેલી શાંતિનું વર્ણન નગીનદાસ મંછારામે કર્યું છે: "સારા

શહેરમાં આનંદ વર્ત્યો છે. ખુશાલિ પથરાઇ છે... મુંબઇ પુન: માંગ્લિક બન્યું છે.. હિંદુ ને મુસલમાન ભ્રાતૃ અન્યો અન્ય હળી મળી ગયા છે. ઐક્યતાનો જુસ્સો સજીવન થયો છે" :કૃતિ-૬:. પ્રજામાં વ્યાપેલા આનંદનું લેખકે પદ્યમય આલેખન કર્યું છે:

"વિજય સારા શેહેરમાં, સલાહસંપનો વિજય,
હિંદુજનનો વિજય, મુસલમાનનો વિજય,
..શેઠ ઉમરજમાલનો વિજય, શેઠ કરમસીભાઇનો વિજય."
:કૃતિ-૬:"

૧૮૯૩ના હુલ્લડના અનુભવ પછી સુલેહસંપની આવશ્યકતા એટલી તીવ્રપણે સમજાઇ કે નજીકના જ ભૂતકાળના કડવા સંઘર્ષને વિસારે પાડી દેવામાં પ્રસ્તુત કવિઓને કોઇ બાધા નડી નથી. દેશજીવનના ઉત્કર્ષ અર્થે સુલેહશાંતિ તથા એખલાસની જરૂરત આ કવિઓને પ્રતીત થઇ ચૂકી છે. ભૂતકાળમાં વેર-વિખવાદને કારણે દેશ છિન્નભિન્ન થયો હતો, એની સ્મૃતિ પણ કેટલીક બાંધછોડ કરીને ય દેશમાં એકતા સ્થાપિત કરવાની ગુજરાતી કવિની તત્પરતાને મજબૂત બનાવી ગઇ હશે. બીજું, ૧૯મી સદીની ગુજરાતી કવિતા-ની રાષ્ટ્રીયતા એ પ્રધાનતયા હિંદૂ રાષ્ટ્રીયતા છે, પણ એમાં મુસ્લીમો સાથેના બંધુત્વનો નિષેધ નથી, એ મુદ્દો પ્રસ્તુત કાવ્યો દ્વારા ફરીને સ્પષ્ટ થઇ જવો જોઇએ.

કોમકોમ વચ્ચેના બખડજંતરને - પ્રજાજીવનને વિક્ષુબ્ધ કરે એવા હરકોઇ ટંટાફિસાદને - અંગ્રેજ સલ્તનત દાબી શકશે એવો પ્રજાને ભરોંસો પડ્યો હતો. એ ભરોંસામાંથી પ્રજાકીય જીવનની સલામતિની પ્રતીતિ જન્મી. દેશમાંના અંગ્રેજ અમલની ઇષ્ટતા વિશેના ભાવને દૃઢીભૂત કરવામાં સલામતિની એ પ્રતીતિએ મહત્વનો ભાગ ભજવ્યો છે. દેશ હિતાર્થે અંગ્રેજો રાજ્ય કરી રહયા છે એવી લાગણીમાં ઉપર્યુકત કવિઓની રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતિબિંબ જોઇ શકાય. પ્રજાનાં દુ:ખદર્દોને હરકોઇ રીતે વાચા આપવાના એમના પ્રયાસમાં તથા દેશોદય અર્થે પ્રજાના સર્વ વિભાગો વચ્ચે મનોમેળભરી એકતા સ્થાપિત કરવાના એમના મનોરથમાં પણ એ જ રાષ્ટ્રીયઅસ્મિતા પ્રકારાંતરે

આવિષ્કૃત થઈ રહેલી ગણાય.

: ૩: સૂરત રાયટ

સૂરતમાં ઇ.સ.૧૮૭૮માં "સૂરત રાયટ" નામે ઓળખાતું એક છમકલું થયું હતું. એ સમયના લોર્ડ લિટન નામના વાઇસરોયે અન્યાયભર્યો આંધળો ખર્ચાળ અમલ ચલાવ્યો હતો. ઇ.સ.૧૮૭૭માં દેશમાં મોટો દુષ્કાળ પડેલો. ત્યારે વિક્ટોરિયાને "કેસરે હિંદ" તરીકે જાહેર કરવા માટે દિલ્હીમાં એણે ભપકાબંધ દરબાર ભર્યો હતો. દેશભાષાનાં વર્તમાનપત્રો સામે એણે પ્રેસ એક્ટ પસાર કર્યો હતો. એના પ્રેસએક્ટ તથા આર્મ્સએક્ટ પ્રજામાં અળખામણા બન્યા હતા. લિટનનાં આ પગલાંઓ સામે પ્રજામાં ઝીણો મોટો ઉહાપોહ શરૂ થયો હતો. ત્યાં વળી ૧૮૭૮માં નાખવામાં આવેલા લાઇસન્સ ટેક્સે એ અસંતોષને વધાર્યો. સૂરતમાં એનો જબરો વિરોધ થયો. એ વિરોધ, અલબત્ત, કોઈ રાજકીય બળવાના સ્વરૂપનો તો નહોતો જ. ભારતની પ્રજાનો સ્વભાવ એકંદરે ખામોશ છે. સશસ્ત્ર ક્રાન્તિમાં ભભૂકી ઉઠે એવું એનું ઉદ્દામ માનસ નથી. પોતાની માગણીઓમાંથી થોડુંઘણું મંજૂર કરવામાં આવે તો પણ રીઝી જાય એવું એનું માનસ છે. "દૃષ્ટાંતચિંતામણિ" ના લેખક વલ્લભદાસે કરડા કટાક્ષમાં સાચું જ કહ્યું છે: "મળે જરા હક હિંદુઓ, કરતા શોરબકોર, કુશકાથી રળીઆત જ્યમ, થાય દૂબળું ઢોર." [૭]

આવી અવસ્થામાંયે, શ્રી. વિજયરાય વૈદ્ય કહે છે તેમ, "ગુજરાતમાં તો વિરલ ગણાય તેવો વિરોધ"[૮] "સૈંકડાની આવકે" નાખવામાં આવેલા બે રૂપીઆના લાઇસન્સ ટેક્સ સામે થયો હતો. પરંતુ સૂરત માટે આવી ઘટના વિરલ ન કહેવાય. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં સામૂહિક પ્રજાકીય લડતો આપીને અંગ્રેજો સામે લડનારું ભારતનું એ પ્રથમ શહેર છે. મીઠા ઉપર વધેલી જકાત સામે ઇ.સ.૧૮૪૪માં, "મારીશું અને મરીશું" એવા પોકારો કરતા ત્રીસ હજાર જેટલા સૂરતીઓએ, સફળતાપૂર્વક વિરોધ કર્યો હતો. ૧૮૪૮માં બંગાળી તોલમાપ દાખલ કરવા સામે સૂરતે એવો જ વિરોધ કર્યો હતો. ૧૮૬૦માં ઇન્કમટેક્ષ દાખલ કરવા સામે સૂરતમાં ત્રીજીવાર બંડખોરો જાગ્યો હતો. નીચે નોંધેલી બે પદ્યકૃતિઓમાં ઉલ્લેખાયેલી ૧૮૭૮માં લાઇસન્સ ટેક્સ

સામે આપવામાં આવેલી લડત એ ચોવીસવર્ષના ગાળામાં અપાયેલી ચોથી અને આ પ્રકારની છેલ્લી લડત હતી. હડતાળો પાડવી, વિશાળ સંખ્યામાં સામૂહિક દેખાવો યોજવા, સરકારી અમલદારોનો સામાજિક બહિષ્કાર પોકારવો - ૧૯૨૦ પછીની આઝાદીની લડતમાં વિશેષે પ્રયોજાયેલાં આ હથિયારોનો સહેલાણી ગણાતી સૂરતી પ્રજાએ પ્રકારફેરે ૧૯મી સદીમાં ઉપયોગ કરી લીધો હતો."[૯]

"સૂરતના હુલ્લડના ગરબા" :૧૮૭૮: ના કર્તા ગિરધરલાલ હરકિસનદાસ :જુઓ આ જ પ્રકરણના વિભાગ બેની કૃતિ-૧: ના જણાવ્યા મુજબ ૧૮૭૮ ના એપ્રિલની પાંચમીએ લાઇસન્સ ટેક્સ સામે સૂરતમાં તોફાન શરૂ થયું. જુદા જુદા પ્રકારના કરવેરા હોવા છતાં નવા નખાયેલા લાઇસન્સ ટેક્સથી પ્રજા ચમકી હતી. શહેરમાં ત્રણ દિવસની હડતાળ પડી. ચોકે ચૌટે લોકો એકઠાં થયાં. આવી અફવાઓ ઊડી: "કહે અંગ્રેજને બેદૂ કોઇ બેટિયો જો, લેશે વેરો જે ડોસી કાંતે રેંટિયો જો." નવા ટેક્સ સામે વિરોધ કરવા માટે સભા મળી,[૧૦] ત્યાં સરકારને આપવા માટેની વિરોધ અરજી વંચાઇ, એવી કેટલીક વિગતો પ્રસ્તુત કૃતિમાં અપાયેલી છે. શહેરમાં ફરતાં હથિયારબંધ ટોળાંઓએ કેટલાક અંગ્રેજ અમલદારોને રસ્તામાં સપડાવીને "પથ્થરલાકડી" વગેરે વડે તેમની "પૂજા" કરી હતી, એવું વર્ણન પણ આવે છે. ખુદ લેખક આવાં ફિતૂરોને નાપસંદ કરે છે. "લડાઇ લાહ્ય ને બંડમાં, જોજો જતાં જુવાન." અંગ્રેજ અમલદારો આવા ફિતૂરથી ડરી કે ડગી ન ગયા એ માટે " ધન અગરેજલોકની છાતી" એવો પ્રશંસાભાવ લેખકે વ્યકત કર્યો છે. લોકોના વિરોધને દબાવી દીધા પછી ફિતૂરના આગેવાન મનાયેલા છ આબરૂદાર ગૃહસ્થો સામે સરકારે કેઇસ કર્યો, એમાંથી એ છયે વ્યકિતઓ નિર્દોષ છૂટી ગઇ. આવી ખુશખબર સાંભળી મહેતાજીએ નિશાળિયાઓને રજા આપી દીધી, વ. હકીકતો કર્તાએ આપી છે. સૂરતનાં નગરજનોની તીવ્ર સહાનુભૂતિ એમના છ આગેવાનોને પક્ષે હતી એવા કવિના ઉલ્લેખને મુંબઇના એ સમયના ગવર્નરે સૂરત રાયટ વિશે લખેલી "મિનિટ" દ્વારા ટેકો મળી રહે છે. "The sympathy shown by the townpeople of

Surat, with persons tried for instigation,was extraordinary." 11
"સૂરતના હુલ્લડના ગરબા"ના કર્તા કરવિરોધમાં થયેલા હિંસક પ્રતીકારનો પક્ષ લેતા નથી. પરંતુ પ્રજાકીય આગેવાનો સામે ખોટા સાક્ષીઓ ઊભા કરીને કેઇસ કરાવનાર પોલિસ અમલદાર મોતીલાલની જે રીતે હાંસી ઉડાવે છે :"ધેટ પર્લ ઓફ પોલિસમેન મોતીલાલના, હાડકાં ધ્રુજારે હાલીઆ": તથા કેઇસને અંતે સરકાર પક્ષની થયેલી ફજેતીને કારણે એમને જે આનંદ થાય છે તેમાંથી જ એમની પ્રજાકીય અસ્મિતાનો અણસાર મળી રહે છે.

સૂરત રાયટ વિશે રચાયેલી એક અન્ય કૃતિ પણ જોવા મળી છે: "સુરતના હુલડનો ગરબો" :રચનાસાલ નથી મળી:, "બનાવનાર: આત્મા-રામ ભગવાનદાસ મહેતા." સૂરત રાયટનું ટૂંકું વર્ણન કરીને લેખક સીધા જ "રાયટ કેઇસ" ઉપર આવી જાય છે. શુષ્ક વર્ણન સિવાય આ કૃતિમાં બીજું કાંઇ નથી. પરહેજ થયેલા આગેવાનો કેઇસને અંતે નિર્દોષ છૂટયા ત્યારે થયેલા લોકઆનંદનો પડઘો પાડવાનું કાર્ય લેખકે બજાવ્યું છે.

લાઇસન્સ ટેકસ વિશે સૂરતના ઇચ્છારામ સૂ.દેસાઇના તંત્રીપદે ચાલતા "સ્વતંત્રતા"માં એક લેખ છપાયો હતો. સ્પષ્ટવક્તૃત્વ તથા પ્રજાકીય હકકો અંગેની એ જમાના માટે તો અપૂર્વ કહી શકાય એવી સભાનતાને લીધે એ લેખ આજે પણ મૂલ્યવાન જણાય તેવો છે: "લાઇસન્સ ટેકસ- સરકારે ઉપલો કાયદો પસાર કરતી વેળા જે ગાયકવાડી વાપરી છે તે સ્વતંત્ર માણસોના મતને બેહદ દુ:ખ ઉપજાવનારી છે... સરકાર હમારી પર ગમે તેવી સકતાઇ વાપરે તેને માટે અમે ગાંજ્યા જઇએ એવા તો નથી.. સરકાર આપણે માટે વખતે વખતે જે કાયદા કાનૂનો બનાવે છે તેમાં પ્રજાની કંઇ પણ સંમતી લેવાય છે?...ના, સરકારનો કાયદો તેની મરજી સિવાય બીજો કંઇ નથી.". લેખકને "ગાયકવાડી" નથી ખપતી, લોકસંમતિ લઇને આગળ ડગલું માંડતું રાજ્યતંત્ર ખપે છે. લાઇસન્સ ટેકસ સામેની લડત પરિણામદ્રષ્ટિએ ભલે નિષ્ફળ ગઇ, પણ લોકજાગૃતિ આણવાનું એનું મૂલ્ય તંત્રી દીર્ઘદ્રષ્ટિપૂર્વક સમજી શકયા છે: "લાઇસન્સ ટેકસથી જ્યારે કંઇજ ફાયદો થયો નથી ત્યારે આ જ મોટો લાભ ગણવો કે લોકોને પોતાની ખરી સ્થિતિ શું છે તે

જે જાણવાનું બની આવ્યું." ૧૨

૧૮૪૪-થી ૧૮૭૮ સુધી થયેલાં "સૂરત રાયટ્સ" તથા એ વિશે રચાયેલી કૃતિઓ માટે એક સ્પષ્ટતા કરવી જોઇએ. સૂરત રાયટ કે એ વિશે લખાયેલી કૃતિઓની પાછળ સ્વાતંત્ર્યસંગ્રામ ટાણે જન્મતો વિશાળ રાષ્ટ્રીયભાવ રહેલો નથી. સૂરતની પ્રજાના વિરોધનું મુખ્ય કારણ સરકારની અણગમતી કરવેરાની નીતિ હતી. અલબત્ત, સરકારની આર્થિક નીતિ સામેના અસંતોષને વ્યક્ત કરવાની સૂરતની પ્રજાની પધ્ધતિ એની રાજકીય જાગૃતિ બતાવે છે. એ જાગૃતિનું પ્રતિબિંબ ઝિલવાની પત્રકારની તત્પરતામાં એની પ્રજાકીય અસ્મિતાનું પ્રતિબિંબ જોઇ શકાય.

## :૪: પારસીબોલીના કેટલાક લેખકો

પારસીઓને હિંદમાં રહયે રહયે એમના મૂળ વતન ઇરાનની સ્મૃતિઓ આવતી રહી છે. "ઓલ અને સોનેતો" :૧૯૦૨: ના સર્જક જેહાંગીર તાલેયારખાને તેમના કાવ્યસંગ્રહ "કુદરતની ખુબસુરતી":૧૯૦૨:માં ઇરાન વિશે ઉત્કટ લાગની વ્યક્ત કરી છે:

"રે ઇરાન! તું બોલ, મુજ ઇરાન નિરાશ!
..રે ખુદા! ખુદા! તે મારે વતન
પટક ઉપાડીને આ મારૂં તન, " વ.

ઇરાનપ્રીતિનું લક્ષણ પારસી સ્કૂલના એક પ્રમુખ કવિ જમશેદજી પીતીતમાં પણ દેખાય છે. પરંતુ પારસીઓની એ વિશેષતા છે કે ગુજરાત :ભારત:ના જીવનમાં દૂધમાં સાકરની પેઠે ભળી ગયા. તનથી ભારતીય અને મનથી ઇરાની ન રહયાં, પરંતુ ઇરાનની સ્મૃતિઓના સળવળાટ છતાં, તન-મનપૂર્વક પૂરા ભારતીય બની ગયા. ગુજરાતી ભાષામાં સ્વભાષાનું જ ગૌરવ એમણે અનુભવ્યું. "કુદરતની ખુબસુરતી" ના પ્રવેશકમાં ગુજરાતી ભાષા માટેની પારસીઓની "દાઝ" નો લાક્ષણિક નમૂનો જોવા મળે છે: "ગુજરાતના કેલવાયલા પુત્રોમાના થોડાઓને જ હાલમાં પોતાની સ્વભાષા માટે કાંઇક દાઝ હશે. બાપીકી ભાષામાં લખાણ કરનારા લેખકોમાં જે અપૂર્વ કલ્પના :ઓરીજીનેલીટી:, ઓજશ :ડીગનીટી: અને અનાયાસ (ઇઝ) કુદરતી રીતે ઉત્પન્ન થાય છે, તે

પ્રદેશી ભાષાનો ઉપયોગ કરતાં મેળવવાં કઠણ છે." સ્વભાષા માટેની પ્રીતિ એ પણ રાષ્ટ્રપ્રેમનું એક આવિષ્કરણ છે. સ્વભાષાના માધ્યમ દ્વારા રાષ્ટ્રનું આંતરિક સત્વ બહુ સહજ રીતે પ્રગટ થતું હોય છે... પારસીઓની ભારત-પ્રીતિનું આવિષ્કરણ ગુજરાતી કવિતામાં વિવિધ પેરે થયું છે, તેનાં કેટલાંક ઉદાહરણો હવે જોઇએ:

"ભરૂચ પ્રદરશન ગરબાવલી, યાને ભરૂચમાં ઉઘડેલાં સંઘરસથાંન તથા તેમાં મલેલાં અપમાન વગેરેની ગરબીઓ" :૧૮૬૯: બનાવનાર: "એક પારશી સ્ત્રી" આવા લાંબાલચક શીર્ષકવાળી કૃતિની લેખિકાએ પોતાનું નામ આપવાનું પસંદ નથી કર્યું. "દીબાચો" માં ભારતીય સ્ત્રીની પછાત અવસ્થા વિશે લેખિકાએ ખેદ વ્યકત કર્યો છે: "આજ હીંદી બાજુઓમાં..શવદેશ પરીતીનો જાહેર જુશ્શો કંઇ બી પરકારનો માહારા જોવામો આવતો નથી! શરૂઆતમાં ભરૂચ પ્રદર્શનનું ટૂંકું વર્ણન કરાયું છે. પ્રદર્શનને નવા જમાનાના યાત્રાધામ તરીકે લેખિકાએ ઓળખાવ્યું છે એને આ વર્ણનની એક વિશેષતા ગણી શકાય: "સંઘરહસથાંન તે જ જાતરા."

સૌરાષ્ટ્ર-ગુજરાતના રાજવીઓ, અન્ય આગેવાનો ઇ.ની હાજરીમાં, એ જમાનામાં પ્રખ્યાત બનેલું તથા ગુજરાતમાં પહેલવહેલીવાર ભરાયેલું ભરૂચનું પ્રદર્શન એક દબદબાભર્યા પ્રસંગે મુંબઇના ગવર્નરે ખુલ્લું મૂકયું હતું. ગ્રીવ્સ તથા હોપ એ બે અમલદારોએ પ્રદર્શનનો મુખ્ય વ્યવસ્થાભાર ઉપાડયો હતો. શ્રી.ગણપતરામના "ભરૂચ શહેરનો ઇતિહાસ" ને આધારે રચાયેલા લાગતા "ભરૂચનું પ્રદર્શન" નામે પ્રકરણમાં શ્રી હીરાલાલ પારેખ લખે છે: "મુંબઇના ગવર્નર.. તે પ્રદર્શનના પેટ્રન હતા અને મ્હોટા અમલદારો તેના વ્યવસ્થાપકો હતા એટલે તેની શોભામાં કે ગોઠવણીમાં કશી ઉણપ નહોતી." [13] શ્રી.પારેખે આપેલી "ગોઠવણીમાં કશી ઉણપ નહોતી" એ માહિતી શ્રધ્ધેય નથી જણાતી. પ્રસ્તુત લેખિકાએ પ્રદર્શનનો દહાડે થયેલી ભીડ ધમાલ ધકકામુકકી અવ્યવસ્થાનું વિગતે નિરૂપણ કર્યું છે. એ નિરૂપણને ભરૂચ પ્રદર્શનનો ઉલ્લેખ કરનાર બીજા લેખકોનો તથા પત્રકારોનો ટેકો મળે છે. પ્રદર્શનમાં હકકપૂર:સર દાખલ થવા માગતા શેઠ શાહુકારોનું સીપાઇઓએ અપમાન કર્યું હતું એમ લેખિકાએ નોંધ્યું છે.

Smt. HANSA-MEHTA LIBRARY THE M.S. UNIVERSITY OF BARODA

લેખિકાએ એમ પણ કહ્યું છે કે ઘણા બધા અંગ્રેજો પ્રદર્શન જોવા આવ્યા હતા. વ્યવસ્થાપકો એમનું જ સ્વાગત કરવામાં રોકાઇ ગયેલા હોવાને કારણે અનવસ્થા સર્જાઇ હતી. લેખિકા છે તો "ઈંગરેજી રાજ"ની પ્રશંસક. પરંતુ આ પ્રસંગનું વર્ણન કરતી વેળાએ લેખિકાનો સ્વતંત્ર મિજાજ, અંગ્રેજોની સ્પષ્ટરીતે ટીકા કરવાની હિમ્મત તથા દેશાભિમાન ધ્યાન ખેંચે છે:

" કે કેટલાક હલકા ઈંગરેજો હલકા -
મીજાજના પાજી ને છાલકા રે
આયા આયા સંઘરહસથાંન જોવા -."

આજે વાંચતાં રમૂજ પડે એ રીતે લેખિકાએ રોષ વ્યકત કર્યો છે:

"શું હતા તેઓ જ અકલવાંન? તેમનાં ચપતાં હતાં નાંખ ને કાંન રે,
..શું હતા તેઓ જ નાંણું ભરનાર? સંઘરસથાંનને મદદ કરનાર રે.
શું હતા તેઓ જ ઇનશાંન? કે આપીઇ તેમને સંધુ માંન રે."

ભારતવાસી તરીકેનું લેખિકાનું ગૌરવ બોલી ઊઠે છે:

"નથી નથી દેશીઓ નથી હેવાંન, પણ છે તમ બરાબર ઇનસાંન રે,
વીદીઆમાં પણ છે દેશી નરો પુરા, લડાયક સાથ હીંમતે શૂરા રે."

પ્રદર્શન સમયની અવ્યવસ્થા તથા દેશવાસીઓનાં થયેલાં અપમાનોએ ખળભળાટ જન્માવેલો જણાય છે. ૪થી જાન્યુ.૧૮૬૯ના "ઇન્દુપ્રકાશ" તથા ૩જી જાન્યુ.૧૮૬૯ના "રાસ્તગોફતારે" એની કડક સમીક્ષા કરી છે.[૧૪] "જાબુલી રૂસ્તમકાવ્યસંગ્રહ" :૧૮૬૯: ના કર્તા જાબુલી રૂસતમે પણ આ પ્રસંગ ઉલ્લેખ્યો છે. "ભરૂચ પ્રદરશણ" :દેશીઓને અપમાન: એવા શીર્ષક નીચે લેખકે એક પદ્યરચના આપી છે: "દેશી,હક છીનવાયા તમારા, ગયા હક ને થયું અપમાન... પ્રદરશણ મેલો ભરૂચી, જોવા થાઇ કાંઇ એકોની રૂચી." પછી શ્લેષ કરીને કહ્યું છે: "પણ મેલો બન્યો અતી મેલો..ઈંગ્રેજો ધરે ના દેશી સંગ," વગેરે. અંગ્રેજી રાજ્યના પ્રશંસકો હોવા છતાં અંગ્રેજોને હાથે સ્વમાનભંગ થાય અથવા એમને હાથે અન્યાય સહેવાનો વારો આવે તે સ્વત્વશીલ લેખકોને ખૂબ કઠ્યું છે.

"કવિશ્વર જાબુલી રૂસતમ તે રૂસ્તમજી કાવસજી સુરતી"એ પોતાનો

કાવ્યસંગ્રહ મસ્કતના ઇમામને અર્પણ કર્યો છે. નર્મદની અદાથી એણે પ્રસ્તાવના-માં કહ્યું છે: "કીર્તિનો મેઘ તો મારા પર બહુ વરસી ચુકો છે... આજે લોકો મને જોયે તે કહો, મોટો લખનાર કહો, કવિઓનો સરદાર કહો, પણ તેથી મારી વીતેલીમાં ઘટાડો થતો નથી!!".. જાબુલી રૂસ્તમે ૧૮૫૭ના બળવાની નિંદા કરી છે. "દીલ્લી શેહરની ઈંગરેજોએ કીધેલી ફતેહ: ખુશાલીનો પોકાર:" માં કવિએ કહ્યું છે: "સદા રેહેજો ઈંગરેજી રાજ ફતેહમંદ, વાજબી હેના ઇનશાફ પર પરેચ શકિ મોઇ." ૧૮૫૭ ની કાપાકાપીનું એણે વર્ણન કર્યું છે: "મોહોત, મોહોત ને મોહોત,...પાણીને ઠેકાણે લોહીના ધોત."

"ગરબાવલી":૧૮૭૮: માં મંચેરજી જમસેદજીએ "મહારાણીનો ગરબો" રચ્યો છે. "જુલમ જબરાઇ છે નહીં, નહીં લુટારા ચોરની બીક" વ. એક પારસી કવિએ રચેલા "ગરબાઓ"માં "સુરતના પુલનો ગરબો પણ મળે છે. હોપવાચનમાળા એક કુશળ આયોજક હોપનું ગુજરાતી કવિઓએ કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરેલું છે:

"યાવતચંદર દિવાકરો, સધળે હોપ સિરીજ,
સુરતમાં શોભા વડો, કહીએ હોપ બ્રીજ".

"સરોદે તવારીખ યાને ઇતિહાસનો સંગીતસાર" :૧૮૮૯:ના રચનાર જમશેદજી મનચેરશાહ બીલીમોરીઆએ આલફ્રેડ ધ ગ્રેટ, મહમદ ગઝનવી, જોન ઓવ આર્ક, અકબર, ચાંદબીબી, સર વોલ્ટર રેલે, રોબર્ટ કલાઇવ જેવી વ્યકિતઓ તથા "લંડનની મરકી", "લંડનની આગ" જેવા વિષયો પર કાવ્યો લખ્યાં છે. ૧૮૫૭ પહેલાંના બ્રિટિશસંપર્ક વિશે ગુજરાતી કવિતામાં ઓછું લખાયું છે. પરંતુ જમશેદજીએ પ્લાસીના યુધ્ધ વિશે કાવ્ય લખ્યું છે. ૧૭૫૭ના અંગ્રેજોના પ્લાસીવિજયમાં જ અંગ્રેજી રાજ્યની જડ ભારતમાં નખાઇ ગઇ હતી તે લેખકની ઇતિહાસદષ્ટિને સમજાઇ ચૂકયું છે. એ વિજય વિશે કવિ લખે છે: "શુભ થયું આજ રૂડું બ્રિટનનું રાજ છે." [૧૫] ભારતમાં અંગ્રેજોની સત્તાનો પાયો નાખનાર રોબર્ટ કલાઇવને લેખકે વીરનેતા તરીકે પૂજ્યો છે:

"બ્રિટિશ હિન્દનો પુરો સરદાર શૂરો ભાઇ,
તજી મહેતાગીરી ખુદ બન્યો રે સીપાઇ."

"ધન્ય રે રોબર્ટ, સ્થાપ્યું રાજ્ય હિંદુસ્તાન." બીજે પક્ષે, ૧૮૫૭ના એક વીર નાનાસાહેબને "પાપી, જુલમગાર" કહીને કવિએ એના પર "લ્યાનત" વરસાવી છે. દેશ ઉપર રાજકીય આધિપત્ય સ્થાપનાર એક વિદેશીને વીર નર તરીકે તથા વિદેશીઓને હાંકી કાઢવા મથતા એક દેશબાંધવને જુલમગાર તરીકે ઓળખાવવાનો કવિ માટે વારો આવે એવા દેશસંજોગોમાં વિધિની વિચિત્ર ગતિ જ નિહાળવી રહીને!

"હેબીઅસ કોરપસ એક્ટ" વિશે જમશેદજીએ એક કૃતિ રચી છે: "રૂડો ધારો રાજ્ય શૂભ સ્વરક્ષણ અગર્નું,... કેદમાં રખાય જન કો કદી ન રાયથી." અંગ્રેજોએ સ્થાપેલી ન્યાયપધ્ધતિએ લોકોમાં સલ્તનત પ્રત્યે આદર જન્માવ્યો હતો. એ ન્યાયપધ્ધતિ દીર્ઘસૂત્રી તથા ખર્ચાળ નીવડતી હતી, પણ એની એકંદર નિષ્પક્ષપાત કાર્યવહીમાં લોકોને વિશ્વાસ બેઠો હતો. એટલે જ, બંગભંગની લડત સમયે બોયકોટનો જે પંચવિધ કાર્યક્રમ : વિદેશી ચીજોનો આર્થિક બહિષ્કાર અને સ્વદેશી, સરકારી શિક્ષણનો બહિષ્કાર અને રાષ્ટ્રીય શિક્ષણ, સરકારી વહીવટીતંત્રનો બહિષ્કાર અને રાષ્ટ્રીય વહીવટી તંત્ર, સરકારને મદદરૂપ થનારાઓનો સામાજિક બહિષ્કાર તથા સરકારી ન્યાયપધ્ધતિનો બહિષ્કાર અને રાષ્ટ્રીય ન્યાયપંચ - નેશનલ આર્બીટ્રેશન કોર્ટ્સ-નો સ્વીકાર: શ્રી અરવિંદ જેવા ઉદ્દામવાદીએ મૂક્યો હતો.[16] તેમાં ઓછામાં ઓછી - નહિવત્ જ સફળતા સરકારી ન્યાય-પધ્ધતિના બહિષ્કારમાં મળી હતી.

બ્રિટિશરાજભક્તિનું ૧૯મી સદીના કવિઓમાં દેખાતું પરંપરાગત માનસ પારસી કવિઓમાં પણ દેખાય છે. આરંભમાં જ જેમનો ઉલ્લેખ કર્યો છે તે જે.સો.તાલેયારખાંએ "કુદરતની ખુબસુરતી" :૧૯૦૨:માં "હિંદને માથે બ્રિટન સદા હેયાત રહો!" બ્રિટિશરાજ્ય "વખતને હાથે ન થશે તારાજ" - એવી આકાંક્ષા વ્યક્ત કરે છે. "કાવ્ય-ગૂટીકા અથવા સ્થિતીપ્રદર્શન" :૧૯૦૬:ના કર્તા જીહાંગીરશાહ અરદેશર તાલેયારખાનું માનસ પણ બ્રિટિશ તાજ પર "ફીદા" થયેલી વ્યક્તિનું - એક મુગ્ધ પ્રશંસકનું રહ્યું છે. :"છીએ હમે હમેશ, તું તાજ પર ફીદા":. પારસી બોલીની ઉપર નોંધેલી કૃતિઓમાં કાવ્યગુણ ઘણો ઓછો છે. તત્કાલીન રાષ્ટ્રીય અસ્મિતાનું વહેણ પરખવા પૂરતું એનું

મહત્વ ગણી શકાય. રાજ્યભક્તિ તેમ દેશભક્તિની કવિતા પારસીબોલીના લેખકોએ રચી છે.

## :૫: કેટલાક વ્યક્તિવિશેષ વિશેનાં કાવ્યો:

રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણની દૃષ્ટિએ મલ્હારરાવ, વિકટોરિયા રિપન તથા દાદાભાઇ જેવા વ્યક્તિવિશેષ વિશેનાં કાવ્યોને તપાસવાં જેવાં છે. વિકટોરિયા વિશે તો ૧૯મી સદીમાં એક સળંગ કાવ્યપ્રવાહ જોવા મળે છે. રિપન વિશે પણ ઠીક સંખ્યામાં કાવ્યકૃતિઓ રચાઇ છે. એ બધી કૃતિઓને અનુક્રમે તપાસીએ.

અંગ્રેજ સરકાર વ્દારા ૧૮૭૫માં પદભ્રષ્ટ કરાયેલા વડોદરાના <u>મલ્હાર રાવ ગાયકવાડ</u> વિશે બે સ્વતંત્ર પદ્યકૃતિઓ રચાયેલી મળે છે. એમના વિશે પ્રકીર્ણ ઉલ્લેખોય ૧૯મી સદીની કાવ્યકૃતિઓમાં થયેલા છે. એના ઉપરથી સમજાય છે કે મલ્હારરાવ પ્રજાહિત પ્રત્યે બેદરકારી ધરાવનારા એક રાજવી હતા. નીતિભ્રષ્ટતાનો પણ એમના ઉપર આરોપ હતો. મલ્હારરાવ પદભ્રષ્ટ થયા એથી મનને થયેલી નિરાંતને "ગુજરાતની મુસાફરી" કાવ્યમાં નવલરામે આ રીતે વ્યક્ત કરી હતી: "વડોદરે નિભ્રાંન્ત ઉતરજો, નથી મલ્હારરાવ ઘેલો રે." એના ઉપરથી પણ મલ્હારરાવની ઘેલાઇનો અણસાર મળી રહેશે.

ચીમનલાલ નરસીદાસના "વડોદરાના ગાયકવાડ મહારાજા મલહારરાવનો રાસડો" :૧૮૭૫: તથા ગોવર્ધનદાસ લક્ષ્મીદાસના "મલ્હારવિરહશતક" :૧૮૭૬: માં એ ગાયકવાડના જુલમોની કડક ટીકા થયેલી છે. ગોવર્ધનદાસ મલ્હારરાવ માટે લખે છે: "મગન થૈ જુએ ખેલ નાટકો, ન કદી રાજનો ચિત ખટકો." પણ એ જ રાજવીને અંગ્રેજ સરકારે જ્યારે પદભ્રષ્ટ કર્યા ત્યારે બન્ને પદ્યકારોને સરકારનું પગલું ગમ્યું નહોતું. પ્રજા-હિતૈષી ગણાયેલો નર્મદ પણ ગાયકવાડના અપરાધોની તપાસ કરવા માટે નિમાયેલા કમિશનની તપાસમાં મલ્હારરાવ નિર્દોષ સાબિત થાય એવું ઇચ્છતો હતો. "વડોદરાના નૃપ મલ્હારરાવ, ધાઓ એની વહારે... નર્મદ કહે પ્રભુ કૃપાએ, દોષમુક્ત નૃપ થાએ." [૧૭] જે રાજા અકારો લાગતો

હતો તે જ રાજા ઉપર અંગ્રેજોએ જ્યારે હાથ નાખ્યો ત્યારે રાજા માટેનો ભૂતકાળનો મનોભાવ ભૂલી જઇને પ્રજા અંગ્રેજ સરકારના પગલા વિરૂધ્ધની લાગણી અનુભવવા લાગી. ગોવર્ધનદાસ કહે છે:

"હિંદુ કેરો જગમાં, દીન દીન ઘટતો પ્રતાપ તે ચાલ્યો"

... ... ...

"હિંદુ તણો શિરતાજ, સ્વતંત્ર, થયો પરતંત્ર હવેથી ચળી,
દેશી તણા દિલમા દુ:ખ તેથી થયુ ઉદ્ગારગીરા નીકળી."

મલ્હારરાવને પદભ્રષ્ટ કરવાના પ્રસંગથી દેશગૌરવ વિશેની પ્રજાકીય લાગણી છછેડાઇ હશે એવું સમજાય છે. મલ્હારરાવ રાજા તરીકે નહોતા ગમતા, પણ ગુર્જરધરાના એક રાજાને અંગ્રેજ જેવી એક સુસ્થાપિત પણ આખરે તો પરદેશની એક સરકાર નિમિષમાત્રમાં પદભ્રષ્ટ કરી શકે, એ હકીકત જ પ્રજાની સ્વત્વની લાગણીને ઘા કરી ગઇ હશે. અંગ્રેજોની સારા રાજ્યકર્તા તરીકે પ્રશંસા થતી હતી ત્યારે પણ હૃદયથી તો એ પરાયા વિદેશીઓ જણાતા હતા, એવું પ્રજામાનસનું અંતરંગ પ્રસ્તુત કૃતિઓ દ્વારા છતું થતું જણાય છે.

ગઇ સાદીમાં મહારાણી વિકટોરિયા માટે પ્રજાનો ખૂબ સ્નેહોભાવ હોય તેવું જણાય છે. ભારતમાંની બ્રિટિશ સામ્રાજ્યની ઇમારતના બે મહાન સ્થભો તે વિકટોરિયા અને રિપન હતા, એવું ગઇ સદીની કવિતા વાંચતી વેળાએ અનુભવાય છે. વિકટોરિયા પ્રત્યેની પ્રજાની પ્રીતિ તથા પૂજ્યભાવનાં મૂળ એના નામથી ઘોષિત કરવામાં આવેલા ૧૮૫૮ના ઢંઢેરામાં જોઇ શકાય. ન્હાનાલાલનું એ ઢંઢેરા :ભારતીય પ્રજાનો "મેગ્નાકાર્ટા": વિશેનું વિધાન આગળ :પ્ર. ૨ માં: નોંધ્યું જ છે: એ ઢંઢેરો ઉચ્ચારીને વિકટોરિયા હિન્દના રાજસિંહાસને માત્ર નહિ, પરંતુ હિન્દી પ્રજાના હૃદયસિંહાસને પણ બિરાજ્યાં. [૧૮]

૧૮૫૭ના બળવા વેળાએ પ્રજાએ પરાજયની પછડાટ અનુભવી હતી. એ વખતે એને કોઇ સધિયારો જોઇતો હતો. એવો સધિયારો ઢંઢેરાએ આપ્યો. અંગ્રેજોએ પણ જોઇ લીધું કે ભારતમાં રાજ્ય કરવું હોય તો દેશની

પ્રજાનો સહકાર અપેક્ષિત છે. એમને એમ પણ લાગ્યું કે પ્રજાના સંસ્કારજીવનમાં માથું ન મારવું જોઇએ – આખરે પ્રજાનું સંસ્કારજીવન એ જ પ્રજાનું મુખ્ય જીવન તો છે. પ્રજાની જ્ઞાતિવ્યવસ્થા તથા એના ધર્મબંધારણને અક્ષુણ્ણ રહેવા દઇને જ રાજ્યતંત્ર ચલાવવું જોઇએ, એમ પણ અંગ્રેજોને જણાયું. આ બધાંની ખાત્રિઓ ઢંઢેરામાં ઉચ્ચારવામાં આવી હતી. પ્રજાને પણ વિદેશી સરકાર-નો ભરોસો પડવા લાગ્યો. એ ભરોંસાનું પ્રતીક બની મહારાણી વિક્ટોરિયા – ઢંઢેરો બહાર પાડનાર વ્યકિત, વિક્ટોરિયાને જનપ્રિય બનાવવામાં લોકસમાજની આવી કોઇ માનસિક પ્રક્રિયા સ્થાન પામી હોવી જોઇએ. "સ્વતંત્રતા" અને "ન્યાય" પ્રાપ્ત થાય એ અર્થે "મહારાણીના મુગટનું તપો જગત પર તેજ," એવી પ્રાર્થના દલપતરામે કરી હતી. જ્યારે નર્મદે ઉચ્ચારેલું – "..જય જય વિક્ટોરિયા!" દલપતરામ-નર્મદથી આરંભીને વિક્ટોરિયા રાણીના મૃત્યુ સુધી વિક્ટોરિયા પ્રશસ્તિનાં કાવ્યો ગુજરાતીમાં રચાયાં છે, જેમાંનાં થોડાંકના પ્રસંગોપાત્ત ઉલ્લેખો કર્યા છે. "કેસાદે કેળરવારી" :૧૮૭૫: ના કર્તા "દિલખુશ"માંથી વિક્ટોરિયાપ્રશંસાનું એક ઉદાહરણ નોંધીએ:

"રબે દીધી છે તેને ખરી મોટાઇ,
મેલીય તેમાં ઘણી અક્કલ દાનાઇ.
..તેની છે નોશીરવાન જેવી ન્યાયનીતિ
..કે એકઠાં પાણી પીય છે બકરું ને વાગ."

અંગ્રેજ અમલે દેશને જે કાંઇ સ્થિરતા-સલામતી આપી એના સર્વોચ્ચ પ્રતીક શી વિક્ટોરિયા રાણી જનસમૂહને ભાસી છે. ૧૯મી સદીનો એવો ભાગ્યે જ કોઇ કવિ હશે જેણે વિક્ટોરિયા વિશે કવિતા ન રચી હોય. વિક્ટોરિયાના મૃત્યુ પછી એને શોકાંજલિઓ અર્પતી સ્વતંત્ર પદ્ય-પુસ્તિકાઓ રચાયેલી છે. એમાંની કેટલીક તે ભાઇશંકરજી વિદ્યારામ પંડિતની "વિક્ટોરિયા વિરહવિલાપ" :૧૯૦૧:, પરવતસિંહ હમીરસિંહની "કેસરે હિંદ નામદાર શ્રી મહારાણીજી વિક્ટોરિયા વિરહ" :૧૯૦૧:, ભગવાનલાલ રણછોડલાલ બાદશાહની "મહારાણી શ્રી વિક્ટોરિયાનો

સ્વર્ગવાસ" : ૧૯૦૧, વ.

<u>લોર્ડ રિપન</u>: ભારતમાં રાષ્ટ્રવાદના ઉદ્ગમ અને વિકાસમાં, અજાણતાં જ, લોર્ડ લિટન તથા લોર્ડ કર્ઝન જેવા વાઇસરોયોએ શત્રુભાવે ફાળો આપ્યો છે. ઇ.સ.૧૮૭૬ થી ૧૮૮૦ સુધીના ગાળામાં લિટને દમનકારી અમલ ચલાવ્યો હતો.. બ્રિટિશ શાહીવાદને મજબૂત કરવા માટે હિંદુસ્તાનના ભોગે અફઘાન યુધ્ધ શરૂ કરાવ્યું હતું. આવાં કેટલાંક પગલાંઓએ અંગ્રેજ સરકારને લોકોમાં ભારે અળખામણી બનાવી હતી. આવી ખળભળાટભરી પરિસ્થિતિમાં ઉદારમતવાદી લોર્ડ રિપનનું ૧૮૮૦માં થયેલું વાઇસરોય તરીકેનું આગમન ભારતીય પ્રજા માટે એક આશ્વાસક ઘટનારૂપ બન્યું. રિપનને પ્રજાપ્રિય બનાવવામાં એની ભલી રાજનીતિનો ફાળો તો છે જ, પરંતુ લોર્ડ લિટનના કાળા અમલની પડછે રિપનનો વહીવટ પ્રજાને વધુ ઉજમાળો લાગ્યો હશે તે સંભાવના ખ્યાલમાં રાખવા જેવી ખરી. બ્રિટિશ અમલને જનપ્રિય બનાવવામાં તથા લોકોની રાજ્યભક્તિને દૃઢ કરવામાં રિપનનો મોટો ફાળો છે. પોતાની માગણીઓને તથા દુ:ખદર્દોને સમજી શકે એવા પ્રજાહિતચિંતક વાઇસરોયનો લોકોને રિપનમાં અનુભવ થયો. વર્નાક્યુલર પ્રેસ એક્ટ એણે રદ કર્યો. હિંદીઓને અંગ્રેજોની સાથે સમાનતાની ભૂમિકાએ મૂકી આપવામાં આવશે એવી જે ખાત્રિ ઢંઢેરામાં આપવામાં આવી હતી તેને મૂર્તસ્વરૂપ આપવા માટે :અન્ય રૂઢિચુસ્ત અંગ્રેજ અમલદારોના ભારે વિરોધને કારણે પાછળથી નિષ્ફળ જવા સર્જાયેલું: ઇલ્બર્ટબિલ દાખલ કરાવ્યું. રિપનનાં આવાં પગલાંઓ લોકપ્રશંસાને પામ્યાં. એનો કવિતામાં પણ પડઘો પડયો છે. લોકોને રાજકાજની તાલીમ મળે એ હેતુસર દાખલ કરેલ સ્થાનિક સ્વરાજ્યને રિપનની સૌથી મહત્વની કામગીરી ગણી શકાય. પંડિતયુગના મવાળમતવાદી રાજકીય નેતા દી.બ.અંબાલાલ દેસાઇએ આવા રિપન માટે યથાર્થ જ કહ્યું છે: "હિંદમાં ઘણા વાઇસરોયો થઇ ગયા છે, પણ તેમાં આટલો લોકપ્રિય વાઇસરોય બીજો કોઇ થયો નથી."[૧૯] વિક્ટોરિયા પછી કોઇ રાજ્યકર્તાના ગુજરાતી કવિતામાં વધુમાં વધુ ઉલ્લેખ થયા હોય તો એ રિપનના છે.

લૉર્ડ રિપનને અર્પણ કરાયેલી ઇચ્છારામ દેસાઇની "રાજકીય કાદંબરી" "હિંદ અને બ્રિટાનિયા" :પ્ર.આ.૧૮૮૫:ના અંતે રિપનની ભારતમાંથી વિદાયવેળાએ અંગ્રેજી, હિન્દી તથા ગુજરાતીમાં રચાયેલાં કેટલાંક કાવ્યો અપાયાં છે. "સેવા રાણીતણી કરી, કરી વળી જેણે મહારાજ્યની" એવા હાકેમને "રંગ રંગ રીપન તુંને, હિંદને આપ્યો રંગ," એમ કહીને નર્મદ અભિનંદે છે. હિન્દી કવિ ભરતેન્દુ હરિશ્ચન્દ્ર શિવ યુધિષ્ઠિર હરિશ્ચન્દ્ર ઇ. પ્રાત:સ્મરણીય પુરુષોની હરોળમાં રિપનને મૂકી આપે છે. રિપન વિશેનાં ઘણાં કાવ્યો એની ભારતમાંની વિદાય પછી રચાયેલાં છે. "લૉર્ડ રિપન કાવ્યસંગ્રહ" :૧૮૮૫, સંગ્રાહક:કાશીરામ બાપુજી:માં રિપન વિશેની જુદા જુદા કવિઓની કૃતિઓને જે તે લેખકોનાં નામ આપ્યાં સિવાય સંગ્રહેલી છે. દેશભાષાનાં વર્તમાનપત્રોને મોઢે ડૂચો દેતા કાળા કાયદા :"ગેગીંગ એક્ટ": ને "કાળે પાણી" મોકલી આપ્યો, ઇ. રિપનસુકૃત્યોને ગણાવતા ગુજરાતી કવિઓ થાકયા નથી. પ્રજાની વાજબી આકાંક્ષાઓને પરદેશી સરકારે જ્યારે સંતોષી હોય તથા પ્રજા પ્રતિ ન્યાયયુકત વ્યવહાર દાખવ્યો હોય ત્યારે ભારતીય પ્રજાનું માનસ રાજ્ય માટેના ગુણઓશિંગણ ભાવથી જાણે કે છલકાઇ રહે છે. પ્રજામાનસની એ કૃતજ્ઞતા સવિતાનારાયણ ગણપતિનારાયણની "સવિતાકૃતકવિતા":૧૮૮૫:માં, તથ્યની અતિશયોક્તિના રૂપે, અભિવ્યક્તિ પામેલી છે:

"પરદુ:ખભંજન નૃપતિ તે, વિક્રમ વીર સુજાણ,
તેહ તણો અવતાર છે, કવિજન કહે પ્રમાણ.
..કોમળ કરૂણામય દિસે, જેનું અંત:કર્ણ
ભારતજનની કારણે, આવ્યો અશરણશર્ણ."

"રિપુ ન કોઇનો તે થકી, ધર્યું રિપન અભિધાન," એવો તરંગ પણ સવિતા-નારાયણે કરી લીધો છે. "સુબોધસંગ્રહ":૧૮૮૪:ના કર્તા કહાનજી ધર્મસિંહે પ્રજાહૃદયની કૃતજ્ઞતાની લાગણી આવી રીતે વ્યકત કરી છે:

"શુભ હક્ક દેશી પ્રજાને જ દેવા, કોશેશ તેં કરી સારી
..રિપન રાજનીતિ રઢિયાળી, લાગી લોકપ્રિય ભારી,
..ગોરા ને કાળા સમાન ગણીને વિકટ વિડંબના વારી."

જમશેદજી બીલીમોરીઆ :"સરોદે તવારીખ",૧૮૮૯: તથા સોરાબજી હોરમશજી :"નામદાર વાઇશરાય લાર્ડ રીપનનો ગરબો",૧૮૮૫: પાસેથી પણ રિપન વિશે પદ્યરચનાઓ મળે છે. "જેસંગકાવ્ય" :૧૮૮૬:ના કર્તા જેસંગભાઇ પટેલ "રીપન રાજવી" ઉપર વારી ગયા છે, કેમ કે "દુર્બળ હિંદવાસી તણી દાઝ દિલમાં રે." પ્રજા તરીકે આપણે હજુ અલ્પતા, દુર્બળતા તથા પરવશતાનો ભાવ એ કાળે અનુભવતા હતા, એમ આવી પંક્તિઓ વાંચતી વેળાએ લાગે છે. ગાંધીયુગમાં પ્રગટ થયેલી સ્વશક્તિનિર્ભર આત્મ-શ્રધ્ધાનો અનુભવ થવાને હજુ વાર હતી. પ્રજા તરીકે હજુ આપણે પુખ્તવયસ્ક તથા સ્વપુરુષાર્થનિષ્ઠ બન્યા ન હોઇએ એમ આપણી "દાઝ ધરીને" કોઇ સુખી કરે એવી વાટ જાણે કે એ કાળમાં જોવાતી હોય એવું લાગે છે. અથવા, "રીપનરંગ" :૧૮૮૫:ના લેખક હરજીવન મહેતાને બુધ્ધિવાળા આર્યો "રાંક અને રાજ્યભક્ત" લાગ્યા હશે.

જેસંગભાઇએ રિપનના દેશબાંધવ "મનના મેલા" ગોરા અમલદારો વિશે કેટલીક સ્પષ્ટોક્તિઓ નિર્ભયતાપૂર્વક ઉચ્ચારી છે:

"મનના મેલા, તનના ગોરા, એવા આપ સ્વદેશી,
ઊલટું સમજાવી આપને, ભમાવતા ધૂર્તવેશી."

આવા ધૂર્ત "દૈત્યો" નો ભારતવાસીઓ ઉપરનો ત્રાસ કવિના મતે રિપને દૂર કર્યો. રિપન વિશે રચાયેલી કૃતિઓમાં સહેજે ઉત્તમ એવી કૃતિ "રીપનરંગ" :૧૮૮૫: છે. રિપનને જ કાવ્યવિષય બનાવતી, "અર્વાચીન કવિતા" માં વણનોંધાયેલી રહેલી તથા નર્મદયુગના ધોરણે મહત્વની ઠરે એવી પ્રસ્તુત કૃતિના લેખક છે "રાહાપર કોર્ટના ફર્સ્ટકલાસ ન્યાયાધીશ" મેહેતા હરજીવન ઉત્તમરામ. નર્મદયુગની કવિતામાં સમકાલીન બનાવોનો તત્કાળ પડઘો પડતો લાગે છે. ૧૮૮૪ના ડિસેમ્બરમાં રિપને હિન્દમાંથી વિદાય લીધી અને ૧૮૮૫માં તો રિપન વિશે રચાયેલી ઘણી કૃતિઓ મળે છે.

"રિપનરંગ"ના લેખક આરંભમાં જ ભારતમાંના અંગ્રેજ અમલની ઇષ્ટતા સ્વીકારી લે છે: "દયા દેવદિલ થઇ, અમીની દૃષ્ટિ કીધી,
ઇંગ્લીશ જનને હાથ, ભરતની ભૂમિ દીધી."

નર્મદ યુગના સાહિત્યનાં આવાં ઉચ્ચારણોમાં તત્કાલીન રાજકીય

મતદર્શનનો પડઘો પડતો જણાય છે. ઇ.સ.૧૮૦૦માં એક ફ્રેંચ લેખિકાએ કહ્યું હતું: "The literature of a society should be brought into harmony with its prevailing political beliefs." 20
આ ચિંત્ય મતમાં સ્વીકાર્યતાનો અંશ કેટલો તે એક જુદો પ્રશ્ન બને, પરંતુ પ્રચલિત રાજકીય માન્યતાઓ સાથે નર્મદયુગનું સાહિત્ય તાલ ધરાવતું હતું અને એટલા પૂરતો ઉપર્યુકત મત સાચો છે.

રિપનની ભારતઆગમન પૂર્વેની કારકિર્દીનું ટૂંકું વર્ણન કરીને લોર્ડ લિટનના અમલથી દેશમાં પ્રવર્તતી નિરાશાનો સીધો નિર્દેશ લેખકે કર્યો છે. રિપનની પ્રશંસા કરવામાં જ અન્ય અન્યાયી, તનના ગોરા પણ મનના મેલા અંગ્રેજ સૂબાઓ સામેનો કવિહૃદયનો રોષ પ્રગટ થઇ જાય છે. રાજ્ય તરફ વફાદારી પ્રગટ કરવાની સાથે જ વહીવટીતંત્રના અણગમતા સંચાલકો સામે કડવું આરોપનામું બજાવી દેવાની નર્મદયુગના લેખકોને હાથે કદાચ અજાણતાં જ ચડી ગયેલી આ સારી તરકીબ કહેવાય...૧૮૫૮ના ઢંઢેરામાં ભારતીય પ્રજાને આપવામાં આવેલી ઘણી ખાત્રિઓ માત્ર કાગળ ઉપર જ રહી હતી. પાછળના કેટલાક રીઢા અંગ્રેજ અમલદારોએ એ ખાતરીઓને ગંભીરતાપૂર્વક સ્વીકારવાની જ ના પાડી હતી.૧૮૫૮ના ઢંઢેરાથી રાજ્યતંત્ર ઉપર બેઠેલા લોકોના વિશ્વાસનો પહેલો તબક્કો પૂરો થયો હતો તથા રાજ્ય વિશેના અવિશ્વાસ અને ધૂંધવાટનો બીજો તબક્કો જાણે શરૂ થયો હતો. એ તબક્કાની પ્રજાકીય માનસની આશંકાઓ લેખકે આ રીતે રજૂ કરી છે:

"અનેક પ્રકારની ઉન્નતિ, કરવા આપેલ કોલ,
બોલ્યું અબોલ્યું એ કર્યું, ઉઠી શંકા અતોલ,
વિધવિધના વૈભવ અને, માણે અંગ્રેજ મોજ,
અલ્પ ગણે તે આર્યને, જેવાં જંગલી રોજ.
..વિમળ વચન વાઇસરાયનાં, પત્ર ઉપર પેખાય,
મૃગજળ દેખી દોડે બહુ, તૃષ્ણા તેથી ન જાય."

આવા નિરાશાયુકત વાતાવરણમાં રિપને ઉચ્ચારેલું તથા અમુક અંશે વ્યવહાર-માં મૂકી બતાવેલું વેણ - ૧૮૫૮ ના ઢંઢેરામાં આપવામાં આવેલી ખાતરીઓનું

પાલન થશે જ – લોકોને મધમીઠું લાગ્યું હશે.[21] રિપનઆગમનસમયની પ્રજાની મનઃસ્થિતિનો તથા પ્રજાની ફરિયાદોનો દસ્તાવેજી ચિતાર "રીપનરંગ"માં મળતો હોઇને થોડા વિસ્તારથી એની પંક્તિઓ ટાંકીએ:

"કારભાર તો અદકો રહયો, રાજ્યખરચ અધિક,
ઉદ્યોગ અલ્પ થઇ ગયો, સ્પષ્ટ બોલતાં બીક,
દેશી છાપાની છૂટનો, કર્યો પ્રતિબંધ પૂર,
મુખ બંધ કીધાં મનુષ્યનાં, નવ દીસે કંઇ નૂર.
..ફાટે બોઇલર જ્યારે બહુ તપે, વણ નિકળે વરાળ,
રાંક અને રાજ્યભક્ત છે, ઉંચ બુધ્ધિના આર્ય,
મનને મારીને બેસી રહે, કરે વિપરિત ન કાર્ય."

મુંબઇમાં ૧૮૮૫ના ડિસેમ્બરમાં સર્વ પ્રથમવાર મળેલ કોંગ્રેસની સ્થાપના કરવા પાછળનો એક ઉદ્દેશ લોકોના અસંતોષના ધૂંધવાટને કોંગ્રેસરૂપી "સેફ્ટીવાલ્વ" મારફતે બહાર કાઢવાનો હતો. ૧૮૮૫ના વર્ષમાં એ જ હકીકતને જુદી રીતે કહેવામાં હરજીવનદાસે અંગ્રેજ સરકારને હળવી ભાષામાં ચેતવણી જ આપી કહેવાય: "ફાટે બોઇલર જ્યારે બહુ તપે, વણ નિકળે વરાળ". રિપનનાં સંખ્યાબંધ સત્કૃત્યો ગણાવીને હરજીવનદાસ કહે છે:

"રીપન હેયે હિંદ છે, હિંદ હૃદય તે હોય,
જેનું દિલ જેમાં જડયૂં, સમીપ તે તે જોય."

લશ્કરી સત્તાના દોરદમામથી અથવા જોરજુલમથી રાજ્યો ચલાવી શકાય નહીં, પ્રજાના પ્રેમભાવ ઉપર તો રાજ્યની ઇમારત ટકે છે, એ મતલબનાં વચનો કવિએ ઉચ્ચાર્યાં છે: "રહી છે ત્યાં રાજ્ય સલામતિ, જ્યાં રૈયતને સંતોષ." "પ્રજાપ્રેમ પાયો દૃઢ જાણો રાજનો." રાજ્યનો સાચો ખજાનો કયો? "પ્રજાઆશિષ એ કોષ." બ્રિટિશરાજ્યની ઇમારતના પાયાને લૂણો લાગતો હતો, ત્યાં "રીપન થકી રીપેર થયું તે બેશ જો." રિપને એક બાજુથી રાજ્યસતાને દૃઢ કરી, તો બીજી બાજુથી "પ્રજાભક્તિનું પડાવિયૂં પીછાણ જો." ભારતની પ્રજા રાજ્યદ્રોહી નથી, ન્યાયી રાજ્યઅમલની એ ભારે ભકત છે તે કવિએ દર્શાવ્યું છે. "શાંતિનો દિગ્વિજય" કરીને તથા

રામનાં બાણ જેવાં રિપનવચનો ઉચ્ચારીને એ વડોહાકેમ જ્યારે સ્વદેશ પાછો ફરે છે ત્યારે કવિએ ઉચ્ચારેલાં વચનોમાં ભારતના હૃદયમાં દૃઢ રીતે જામી ચૂકેલા રિપન પ્રત્યેનું મમત્વ અને પ્રજાકીય લાગણીનું રિપન સાથે સધાયેલું એકત્વ પ્રતીત થયા વિના રહેતું નથી:

"રિપન અમારો આવે છે ત્યાં એલચી,
તેની સાથે પ્રજા તણો છે પ્યાર જો."

ન્હાનાલાલે સાચું જ કહ્યું છે કે રિપને ભારતમાં અંગ્રેજ રાજ્યનું "અધીં સદીનું આયુષ્ય" અધિકું કરી દીધું હતું.[33] રિપનપ્રશસ્તિનિમિત્તે વિદેશી સત્તા વિશેના આપણા પ્રજાકીય મનોભાવની સુરેખ છબી કોરાયેલી જોવા મળે છે.

ભારતીય પ્રજાએ જેમને આદરપૂર્વક "હિંદના દાદા" કહેલા તે દાદાભાઇ નવરોજી, એમની દીર્ઘકાળપર્યંતની મૂલ્યવાન દેશસેવા*ને કારણે, ૧૯મી સદીના કવિઓનો એક પ્રિય કવનવિષય રહ્યા છે. "ગોંડલના ઠાકોર સાહેબ સંગરામજીની ફરમાસ ઉપરથી હીંદુસ્થાનની હાલત વીશે, શેઠ દાદાભાઇ નવરોજજીએ તા.૧૯મી જૂન ૧૮૬૯ને દીને, ઠાકોરસાહેબના ઉતારાના મકાનમાં" એક ભાષણ આપ્યું હતું. "મુંબઇ સમાચારના રીપોરટરે લીધેલા ખાસ રીપોરટ ઉપરથી" તૈયાર કરવામાં આવેલી એમના ભાષણની પુસ્તિકા :૧૮૬૯: આ લખનારના જોવામાં આવી છે. અંગ્રેજ અમલના,એમના જમાનાના બધા મવાળવાદી નેતાઓની જેમ,એ પ્રશંસક હતા, પણ એ અમલની ખામીઓથી દાદાભાઇ સુજ્ઞાત હતા, એનો નિર્દેશ પ્રસ્તુત કૃતિમાંથી મળે છે. હિંદમાં અંગ્રેજોની ચાલતી આપઅખત્યારશાહી એમને નાપસંદ હતી. ઇંગ્લાંડમાં ચાલતી હતી એવી પાર્લામેન્ટરી લોકશાહી હિન્દમાં પણ દેશહિતાર્થે સ્થપાવી જોઇએ એવો એમનો મત હતો. "હીંદુસથાન ઉપર રાજ ઈંગરેજી છે ખરું, પણ હજૂ ઈંગરેજી રાજરીતી દાખલ થઇ નથી... જાહારે લોકોનો અવાજ ધારા બાંધનારી સભામાં જશે, યાને લોકોએ પસંદ કરેલા મેમબરો દાખલ કરવામાં આવશે તાહારે આપણી હાલત ઈંગરેજી રાજરીતીને મલતી આવશે. હાલમાં હીંદુસ્થાન ઉપર જે હકૂમત ચાલે છે તે આપઅખત્યાર રાજાના જેવી ચાલે છે." દાદાભાઇ જેવા દેશનેતાના મનમાં તથા કેટલેક અંશે ઇચ્છારામ દેસાઇ

જેવા રાજકીય દીર્ધદષ્ટિ ધરાવતા પત્રકારના મનમાં પાર્લામેન્ટરી લોકશાહી-નો ખયાલ સાકાર થયો છે. પરંતુ નર્મદ યુગના કવિઓના મનમાં એવો વિચાર સ્પષ્ટ થયો હોય એવું જણાતું નથી. એ કવિઓની નજરમાં પ્રાચીન-કાળના વીર વિક્રમ જેવો, દેશમાં જ મૂળ નાખીને વસેલો, "બેનીવોલન્ટ કીંગ" રહયો હોય એવું લાગે છે.

દાદાભાઇ વિશે દલપતરામથી માંડીને વીસમી સદીના કવિ લલિત+ સુધી કાવ્યો રચાયાં છે. ઇંગ્લાંડની પાર્લામેન્ટમાં દાદાભાઇ સભ્યપદ પામ્યા હતા. દલપતરામે એને દાદાભાઇનો "દિગવિજય" કહયો હતો. પાર્લામેન્ટમાં ચૂંટાવાના એ પ્રસંગે કવિઓમાં ઉત્સાહ જન્માવ્યો હતો. "શ્રી દાદાભાઇ સ્તોત્ર" :૧૮૯૪:એ કાવ્યકૃતિની પ્રસ્તાવનામાં ગોર જીવરામ અજરામર કહે છે: "ઓન. મિ. દાદાભાઇ... બ્રિટિશ પાર્લામેન્ટના પહેલા મેંબર થયા, તેથી હિંદનું મદભાગ્ય દૂર થવાનું મંગળાચરણ થયેલું મનાય છે." બ્રિટિશ સત્તાને કવિ ધન્યવાદ આપે છે: "એક હિંદી રત્નને પાર્લામેન્ટમાં બેસવાનો પ્રસંગ આવ્યો એ જ એની ઉત્તમ સમદષ્ટિ બતાવે છે: "પૂરી છે ન્યાયી જે, સકળ જન પ્રત્યે સમ ખરે." "પાર્લામેન્ટમાં ચૂંટાઇને દાદાભાઇ ઇંગ્લાંડથી જ્યારે સ્વદેશ પાછા ફર્યાં ત્યારે એમને સત્કારવા માટે હિંદુ-મુસ્લીમ ઇ. પ્રજાના સર્વજનવિભાગો મુંબઇમાં હાજર રહયા હતા. મોટી સંખ્યામાં એકત્રિત થયેલા લોકોને જોઇને કવિને ૧૮૯૩નું હિંદુ-મુસ્લીમ હુલ્લડ યાદ આવે છે. "પણ તે :ગિરદી: ધર્મદ્વેષ..કંકાસની હતી..આ તો આનંદ, સંપ, શાંતિની ગિરદી હતી:" સૌ લોકોએ સરસ સમયે રાખિયો સ્નેહ ભારી-

આ આનંદે, પ્રથમ થયેલા, દુ:ખ સર્વે વિસારી."

દાદાભાઇ જેવાં દેશરત્નોનું કવિ જ્યારે ગૌરવ કરે છે ત્યારે એવા મહાપુરુષો દ્વારા પ્રગટતી રાષ્ટ્રશકિતનું ગૌરવ-અર્ચન જ વાસ્તવમાં એ કરી રહયો હોય છે.

સંપસહકાર રાખવા માટેનો ઉપદેશ, એક જ સિકકાની બે બાજુઓ જેવી રાજભકિત તથા દેશભકિતની અભિવ્યકિત તથા દેશસેવા માટેનું ઉદ્બોધન: નર્મદયુગની કવિતામાં લગભગ આટલાં વાનાં દેખાવાનાં જ. જીવરામ ગોર

+"હિન્દી વીરની જન્મજયંતી"જેવાં કાવ્યો પૂજ્ય દાદાભાઇને ચરણે કવિ લલિતે ધર્યાં છે. જુઓ, "લલિતનો લલકાર"-૧૯૫૧, પૃ.૯૧.

પણ એવી દ્રષ્ટિને અનુવર્તીને કહે છે: -

"કરી ન જેણે નિજ દેશસેવા, જન્મ્યો કહો તે કંઇ લાભ લેવા?
જો દેશહિતને ઉરમાં ન ધાર્યું! તો આપનું જીવન વ્યર્થ હાર્યું!!"

: ૬: ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ

કોંગ્રેસ વિશે રચાયેલાં કેટલાંક કાવ્યોનો અહીં ઉલ્લેખ કરી લેવાનું ઉચિત ધાર્યું છે. ૧૮૮૫માં સ્થપાયેલી કોંગ્રેસે- હ. હ. ધ્રુવે જેને "ભારતીય પ્રજાસમાજ" તરીકે ઓળખાવી છે - પ્રજાના શિક્ષિત સમુદાયમાં ઘણો ઉત્સાહ જન્માવ્યો હતો. "શ્રી ઈંડિયન નેશનલ કોંગ્રેસ અથવા ભારતી જયતિ ગીતાવલિ" :૧૮૮૯:માં દલપતરામ, હ. હ. ધ્રુવ જેવા જુદા જુદા કવિઓનાં કોંગ્રેસ વિશેના કાવ્યો સંગ્રહાયેલાં છે.[૨૩] "રાજ્યહિત પ્રજાનું હિત એક છે! ન કંઇ કલ્યાણ રહયે જુજવે!" તથા "સભા રાજાપ્રજાનું હિત ચહાય છે જો," જેવી પંક્તિઓમાં વિદેશી રાજ્ય અને દેશપ્રજાનાં હિતો વચ્ચે ૧૯મી સદીના કવિઓ તથા રાજકીય નેતાઓને દેખાયેલા અભેદનું નિદર્શન મળે છે, જે કોંગ્રેસ હિંદસ્વાતંત્ર્ય માટે અંગ્રેજ સત્તા સામે ભવિષ્યમાં લડવાની હતી તે જ કોંગ્રેસને એની સ્થાપનાના પ્રારંભકાળમાં આપણા નેતાઓએ "The greatest glory of British rule in this country" એવી રીતે ઓળખાવી હતી,[૨૪] એ રાજા-પ્રજાનાં હિતો વચ્ચે દેખાયેલા ઉપર્યુકત અભેદને કારણે જ. કોંગ્રેસના નેતાઓને આરંભમાં અંગ્રેજોની શુભનિષ્ઠામાં અપાર શ્રધ્ધા હતી. કોંગ્રેસના ઇતિહાસકાર ડો. પટ્ટાભી સીતારામૈયાએ નોંધ્યું છે કે ૧૮૮૫થી ૧૯૦૫ સુધીના કોંગ્રેસના ઇતિહાસમાં "... unfailing regard for justice attributed to the Englishman -" જોવા મળશે.[૨૫] દલપતરામે પણ ઉપર્યુકત પુસ્તિકામાં કહયું છે: "અતિ ઉત્તમ આ અંગરેજી રાજ છે જો, જેની લાખ ગણી લોકમાંહી લાજ છે જો." આ અવતરણો તત્કાલીન રાજકીય મતદર્શન તથા કવિમાન્યતા વચ્ચે કેવું નિકટનું સામ્ય હતું તે દર્શાવવાને આપ્યાં છે. ભારતીય જનતામાં દેખાતી અંગ્રેજોની "લાખગણી લાજ" ની પ્રશંસા કરવા માટે, દલપતરામ જેવા ભૂતકાળના કવિઓને આજે જો કોઇ "ગુન્હેગાર" ઠરાવે તો એ "ગુન્હા"માં

ગઇ સદીના પ્રસિધ્ધ રાષ્ટ્રનેતાઓ પણ ગુજરાતી કવિઓ સાથે ભાગીદાર હતા, તે વાત પણ ઉપર્યુક્ત અવતરણો દ્વારા સ્પષ્ટ થઇ રહેશે. ૧૯મી સદીના રાજકીય આગેવાનોની જેમ દલપતરામ પણ માનતા હતા કે સરકાર સમક્ષ હકકોની માગણી કરવાથી "દેશીઓનાં દુ:ખડાં" જશે. એ સમયમાં પ્રજાદુ:ખનિવારણનો દલપતરામાદિને સૂઝેલો એક માત્ર અસરકારક ઉપાય હતો:- "જાગો જાગો મુખથી માગો, અરજ ઉચરવા લાગો." પ્રસ્તુત પુસ્તકામાં દલપતરામ છેવટે કોંગ્રેસને આશીર્વાદ આપે છે. "સભા જીવજો કરોડ દિવસ જામની જો."

"કાવ્યકળાધર" :૧૮૯૩:ના લેખક જીવરામ ગોરે કોંગ્રેસના ૧૮૯૧ના નાગપૂર અધિવેશન માટે રચેલું "કોનગ્રેસમેં સ્વગર્ભાસ" કવિત મુંબઇના "ગુજરાતી" પત્રમાં છપાવ્યું હતું. લોકોના હૃદયમાં કોંગ્રેસે કેવી આશા-અપેક્ષા જન્માવેલ તેનો પરિચય એમાંથી મળશે:

"હમારે તો દિલ સ્વર્ગ, યેહી કોનગ્રેસ હે·
..ઠામઠામહુકે ગામગામહુકે લોક આત,
કામકામહુકી બાત, જાનત વિશેષ હે.
..જ્ઞાતિ ઓં ધરમહૂકો, ભેદ ન દિખાત જહાં,
બંધુ સબ એક દેશ, બેશ ઉપદેશ હે.
..દીનજનહુકો દુ:ખ, ધાર્યો નિજ અંગનીપેં,
..ભારતભૂમિકો માન, કેતુ કોનગ્રેસ હે."

ધર્મ અને જ્ઞાતિના ભેદભાવોને અતિક્રમતી કોંગ્રેસ, કવિને દીનજનવત્સલરૂપે તથા રાષ્ટ્રીય એકતાના પ્રતીકરૂપે ભાસી છે, તે ઘટના કોંગ્રેસની સ્થાપના પછીના સમયમાં રાષ્ટ્રનું ચૈતન્ય કઇ દિશામાં વિલસતું હતું તેની જાણકારી પ્રાપ્ત કરવા માટે કિંમતી નિર્દેશરૂપ થઇ પડશે.. "કાવ્યકમલાકર" :૧૮૯૭:-ના લેખક નીલકંઠ જીવતરામ "હિંદને અતિ હિતકારી""કાનગ્રેસની સભા"ના એક કર્તવ્યનું સૂચન કરે છે: "ન્યાય માગે હકક, રાજરૈયત સુખકારી." "હિંદની હાલત" :૧૯૦૪:ના કર્તા કૃપાશંકર પંડયાએ કોંગ્રેસને "ભયભંજન ભરતેશ્વરી" તરીકે-એક દેવી તરીકે કલ્પીને એને વંદના અર્પણ કરી છે: "સંપ વધાર્યો સર્વમાં, નમું હું કોંગ્રેસને."

ભારતના પુનર્જાગૃતિ કાળમાં નવું ચૈતન્ય જન્મ્યું હતું: દેશમાં જન્મેલું એ નવું ચૈતન્ય મૂર્તિમંત થવા એક માધ્યમ શોધતું હતું. કોંગ્રેસ એ ચૈતન્યની વાહક બની. આચાર્યશ્રી આનંદશંકરે માર્મિક રીતે આ મુદ્દાને સ્પષ્ટ કર્યો છે: "...આ જ સમયે દેશ ઉપર એક અદ્ભુત ચૈતન્ય પ્રસરવા માંડ્યું હતું. જેની અસર આખા હિંદુસ્થાન ઉપર સમાન થઇ છે. હું કોન્ગ્રેસને એક રાજકીય હિલચાલરૂપે નથી સમજતો, એમાં હું દેશનું નવું ચૈતન્ય મૂર્તિમન્ત થયેલું જોઉં છું.."[૨૬]

નર્મદયુગની કવિતામાં દેશના પુનર્જાગૃતિકાળનું ચૈતન્ય સ્ફુરાયમાણ થતું વરતાય છે. એની કાવ્યાભિવ્યક્તિ પ્રમાણમાં કાચી છે, પણ રાષ્ટ્ર તરીકેની આપણી નવઅસ્મિતાનો પ્રસ્પંદ એ કવિતામાં સજીવ રીતે અનુભવાય છે.

---

## સંદર્ભ તથા પાદનોંધ

૧. "સૂરત સોનાની મૂરત" માં અવતરિત, પૃ. ૪૫, ઇશ્વરલાલ ઇ. દેસાઇ.

૨. એ જ, પૃ. ૪૫.

૩. "ગુજરાતનું પાટનગર અમદાવાદ" પૃ. ૧૨૫-૧૨૮, રત્નમણિરાવ જોટે.

૪. ટિળકના બે રાજકીય સાથીદારો સેતલુર અને દેશપાંડેએ પ્રસ્તુત હુલ્લડ વિશેનો ટિળકનો મનોભાવ સ્પષ્ટરીતે રજૂ કર્યો છે: "The policy of 'divide and rule' ~~was, according~~ initiated by Lord Dufferin, was, according to him (Tilak), at the bottom of all the mischief (1893, Hindu-~~Muslim~~ Muhammedan riots)"- "Source Material, Vol.II page 203.

5 Quoted in 'Social Background of Indian Nationalism" p.363 A.R. Desai

૬. આ પુસ્તિકા ઉપર એના લેખકનું નામ છપાયેલું મળ્યું નથી. ગુજરાત વિદ્યાપીઠના કોપીરાઇટ સંગ્રહાલયની નોંધમાં એ પુસ્તિકાના લેખક તરીકે ગંગારામ આત્મારામ પંડિતનું નામ લખાયેલું છે.

૭. ભારતીય પ્રજાના પ્રમાણમાં રૂઢિચુસ્ત માનસ વિશેનો શ્રી. અરવિંદનો એક મત આ સંદર્ભમાં મનનીય બને તેવો છે: "(Indian people) are capable of large ideals and fervent enthusiasms, sensitive in feeling and liable to gusts of passionate revolt which are easily appeased by even an appearance of concession; but naturally they are

conservative in temperament and deliberate in action." - Bankim-Tilak-Dayanand', p.25.

૮. "ગત શતકનું સાહિત્ય", પૃ. ૫૮, વિજયરાય વૈદ્ય.

૯. મુંબઇના મુદ ગવર્નરે ૧૮૭૮માં લખેલી "મિનિટ"માં સૂરત શહેર વિશે નોંધાયું છે:

"I venture to believe that the other cities of the province of Guzerat are not capable of the conduct of which Surat has been guilty. Surat does not as a city bear a good repute for orderly conduct." - "Source Material", Vol.I, p.44

૧૦. એ સભા કઇ રીતે મળી તેનો ઇતિહાસ રસિક છે. "નવા કરારો :કર?: ની સામે અરજી કરવાને મળો અને એકદીલ થાઓ" એવા મથાળા હેઠળ છપાયેલી તા. ૨૭મી ફેબ્રુ. ૧૮૭૮ની જાહેરખબર અપાયા પછી એ સભા મળી હતી. જાહેરખબરનું કેટલુંક લખાણ આ પ્રમાણે છે: "સુરત શેહેરના સઘળા નાના મોટા વેપારી, ધંધાદારી અને કારીગરો વગેરેને ખબર આપવામાં આવે છે કે આપણા ઉપર સરકારના જુદા જુદા ઘણીક રીતના કરો અને વેરાઓ હોવા છતાં આપણી સરકાર અકારો ઇનકમટેક્સના જેવો જ લેસન ટેક્સ નામનો નવો વેરો નાખે છે અને આપણી દાદ સાંભળ્યા વગર એ કર નાંખવાને મુંબઇની સરકારે જલદીથી કાયદો પણ કીધો છે, જેમાંથી સરકારે... મોટી કમાણી-વાળાઓને તો બાતલ કીધા છે અને આ ભારે મોંઘવારીના વખતમાં આપણા ગરીબ વેપારીઓ વગેરેને એ ભારી બોજા તળે લાવી નાંખવાનું સરકારે ડહાપણ ખરચેલું છે..." સોર્સ મટીરીઅલ, વોલ્યુમ ૧, પૃ. ૩૩. કરવેરા સામેની તથા "ગરીબ વેપારીઓ"ને પીડવા અંગેની ફરિયાદ કેટલી જૂની છે તેનો ખ્યાલ અહીં મળશે. વળી, ૧૮૭૮માં "ભારે મોંઘ-વારી"ની કરાયેલી ફરિયાદ આજે તો વિષાદમિશ્રિત રમૂજ જ પ્રેરે.

૧૧. સોર્સ મટીરીઅલ, વોલ્યુમ ૧, પૃ. ૪૩

૧૨. આ તથા એની આગળનું અવતરણ "સોર્સ મટીરીઅલ", વો. ૧, પૃ. ૪૫-૪૬ ઉપરથી.

૧૩. "અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન", ખંડ-૨, પૃ. ૧૪૯: હીરાલાલ પારેખ.

૧૪. ૩જી જાન્યુ. ૧૮૬૯ના "રાસ્તગોફ્તાર"માં નોંધાયું છે:

"... Thousands of natives, many of whom were gentlemen of well-known position and respectivity, were most shamefully ill-treated, simply for the convenience and comfort of handful of Europeans...What did they (Natives) get for their money? Kicks and blows." - "Source Material," Vol. I, pp.356-357.

૧૫. શ્રી ઉમાશંકરે અંગ્રેજોના પ્લાસીવિજય વિશે લખ્યું છે: "સત્તર સત્તાવન; ગુલામીના ગણેશ—પ્લાસી," જોકે, "ગુલામીના ગણેશ" ઉચિત શબ્દપ્રયોગ નથી જણાતો. ગણેશની સ્થાપના તો મંગલના આવાહન માટે હોય ને? ('સંસ્કૃતિ', સપ્ટે. ૧૯૫૭, પૃ. ૩૫૫).

૧૬. ઇ.સ. ૧૯૦૭માં શ્રી અરવિંદે આવા સર્વગ્રાહી બહિષ્કાર વિશે લખેલા લેખો પાછળથી "ધ ડૉક્ટ્રિન ઓફ પેસિવ રેઝિસ્ટન્સ" : પ્ર. આ. ૧૯૪૮: નામે પુસ્તકમાં સંગ્રહાયા છે.

૧૭. વડોદરાના અંગ્રેજ રેસિડેન્ટને ઝેર દેવાનો આરોપ મલ્હારરાવ ઉપર હતો. મલ્હારરાવ ઉપરના આરોપોની તપાસ કરવા માટે એક કમિશન નિમાયું હતું. એના કુલ છ સભ્યોમાં ત્રણ અંગ્રેજો અને ત્રણ હિન્દીઓ હતા. ત્રણેય હિંદી સભ્યોએ ઝેર દેવાના આરોપમાંથી મલ્હારરાવને દોષમુક્ત ઠરાવ્યા હતા, જ્યારે ત્રણેય અંગ્રેજ સભ્યોએ એ આરોપ માટે મલ્હારરાવને ગુન્હેગાર ઠરાવ્યા હતા. વિશેષ માહિતી માટે જુઓ ડોસાભાઈ એદલજીભાઈ કૃત "હિસ્ટ્રી ઓફ ગુજરાત," પ્રકરણ બારમું.

૧૮. "કવીશ્વર દલપતરામ," ભા. ૨, પૂર્વાર્ધ, પૃ. ૩૫૦, ન્હાનાલાલ.

૧૯. સ્વ. દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈનાં ભાષણો અને લેખો.: ૧૯૪૨: પૃ. ૩૭૩.

૨૦. "શોશ્યોલોજી ટુ-ડે", પૃ. ૧૯૯.

૨૧. રિપનનું એ [illegible] વેણ આવું હતું:

"The Queen's proclamation is not a treaty; it is not a diplomatic instrument; it is a declaration of principles of Government."-Quoted in "The History of Congress, Vol.I, p.61: Dr.

Dr.Pattabhi Sitaramaiyya.

૨૨. "મારી હકીકત"માંનો ન્હાનાલાલનો "કવિમિલન" નિબંધ, પૃ. ૨૦.

૨૩. ગુજરાત વિદ્યાસભાના ગ્રંથાલયમાં જોવા મળેલી આ પુસ્તિકા ફાટેલી હાલતમાં છે. એના સંપાદકનું નામ જાણી શકાયું નથી.

૨૪. ડો. પટ્ટાભી સીતારામૈયાકૃત કોંગ્રેસનો ઉપર્યુકત : નં. ૨૧: ઇતિહાસગ્રંથ વો. ૧, પૃ. ૬૧.

૨૫: અંગ્રેજોની ન્યાયબુધ્ધિમાં એક કાળે ભારતમાં કેવી શ્રધ્ધા હતી તે વિશેના ડો. પટ્ટાભીના શબ્દો:

"... The English people are essentially just and fair, and that properly informed they would never deviate from truth and the right." - Ibid, p.60.

૨૬. "દિગ્દર્શન," પૃ. ૧૮૦, આચાર્યશ્રી આ. બા. ધ્રુવ.